नमोत्थु णं समणस्स भगवओ महावीरस्स ।।

# श्रुतसंविभाग – ११

August, 2018 શ્રાવણ, ૨૦૭૪

## 'આગમ વિનાનો સાધુ બે-ગમ છે.'

વર્તમાનમાં સાધુપદની સાધના તથા સ્થિરતાનું કોઈ અમોઘ સાધન હોય તો તે 'સ્વાધ્યાય' છે, એવી દૃઢ પ્રતીતિ, વર્ષોના અનુભવ પછી, ચિત્તમાં સ્થિર થઈ છે. ક્રિયામાં યાંત્રિકતાને અવકાશ છે. તપસ્યામાં પ્રલોભન અને બહિર્મુખતાની શક્યતા છે. અન્તર્મુખતા સાધવી હોય તો માત્ર સ્વાધ્યાય થકી જ સંભવે છે એમ સમજાય છે.

સાધુ જેમ જેમ સ્વાધ્યાય-શાસ્ત્રાધ્યાય કરતો જાય તેમ તેમ તેના ચિત્તના ઉદ્વેગો, વિષાદ, સંતાપ, દુર્ધ્યાન શમતાં જશે, તેનું ચિત્ત વર્ણવી ન શકાય તેવો આહ્લાદ અનુભવવા માંડશે.

વર્ષો અગાઉ વાંચેલી એક ગાથામાં સ્વાધ્યાયના ત્રણ લાભ આવા દર્શાવેલા :

સ્વાધ્યાયથી –

- હૃદયમાં નિત્યનવલા સંવેગ-વૈરાગ્ય વિકસે છે.
- જ્ઞાનાવરણ કર્મનો ક્ષયોપશમ તીવ્ર બને છે.
- નવાં નવાં તત્ત્વોના જ્ઞાતા-ભોક્તા બનાય છે.

મિત્રો! આ લાભોને બરાબર પ્રીછજો, પામજો, અને સ્વાધ્યાયપરાયણતા વિકસાવવા દ્વારા, મળેલા દુર્લભ મુનિજીવનને સાર્થક ઠરાવજો!

વર્ષો અગાઉ એક બહુશ્રુત શ્રાવકે કહેલું : 'આગમ વિનાનો સાધુ બે-ગમ છે.' આ વાક્ય આજે પણ હૈયાને સ્પર્શે છે, વીંધે છે, પ્રેરક બનતું રહે છે.

સ્વાધ્યાય આપણી સંયમ-સાધનાને ખૂબ ઉચ્ચ શિખર ભણી લઈ જજો!

**વિજયશીલચંદ્રસૂરિ**

# द्रव्यानुयोग

## 108. वैताढ्याद्रिः विजयार्धाद्रिर्वा?

भरतक्षेत्रमुत्तर-दक्षिणरूपेण विभाजयन् वैताढ्यपर्वतः प्रसिद्धोऽस्ति । 'वेअड्ढ' इति तस्य प्राकृतं मूलरूपम् । अधुना प्रश्नः अयमस्ति यद् 'वेअड्ढ' इत्यस्य संस्कृतरूपं किं स्यात् ? बहुभिः प्राचीनैष्टीकाकारादिभिः 'वैताढ्य' इत्येव संस्कृतरूपं प्रदत्तमस्ति । परं वयमेवमभिप्रेमो यदस्य संस्कृतरूपं 'विजयार्ध' इति स्यादित्यधिकमर्थसाङ्गत्यं गच्छति । यतो यथा महाविदेहे द्वात्रिंशद् विजयाः सन्ति तथैव भरतक्षेत्रमपि एको विजय एव । तं विजयं द्विधा विभाजयन् पर्वतो 'विजयार्ध' इति नाम बिभ्राण एव शोभते । केचन स्थानकवासिविद्वांसोऽपीदमेवाऽभिप्रेतवन्त इति क्वचित् पठितमपि स्मर्यते ।

अधुना वयमप्रकाशितपूर्वस्य *अजितनाथचरितस्य* प्रकाशनादिकार्यं कुर्मः । तत्र २२२१ तमी इयं गाथाऽवधानार्हाऽस्ति । सा चेयम् –

जंबूदीवमसेसं पासंति च करगयं व आमलगं ।
तत्थ वि भारहवासाभिहाणविजयंमि रंममि ।।
(जम्बूद्वीपमशेषं पश्यन्ति च करगतमिव आमलकम् ।
तत्राऽपि भरतवर्षाभिधानविजये रम्ये ।।)

इमं विजयशब्दं वयं केवलं महाविदेहक्षेत्रेष्वेव प्रयुञ्ज्महे । परं भरतक्षेत्रमपि विजय एव । तदर्थमप्ययं शब्दः प्रयोक्तुं शक्यः । दिगम्बरपरम्परायां 'वैताढ्य'पर्वतकृते प्रायो 'विजयार्ध'शब्दः प्रयुज्यते इति श्रुतमस्ति । विशेषं तु विशेषज्ञाः विदन्ति । **मुनिः मुक्तिश्रमणविजयः** (श्रीकलापूर्णसूरिसमुदायसत्कः)

* * *

## 109. દ્વાદશાંગી નિત્ય છે કે અનિત્ય?

સામાન્ય સમજણ એવી છે કે દ્વાદશાંગી અર્થથી નિત્ય છે અને શબ્દથી અનિત્ય છે. પણ આ વાત માત્ર ભરત અને ઐરાવત ક્ષેત્ર માટે જ છે. મહાવિદેહ ક્ષેત્રમાં દ્વાદશાંગી શબ્દ અને અર્થ બન્નેથી નિત્ય છે –

**तथा चेयं द्वादशाङ्गी शब्दार्थरचनाद्वारेण विदेहेषु नित्या भरतैरावतेष्वपि शब्दरचनाद्वारेणैव प्रतितीर्थकरं क्रियते अन्यथा तु नित्यैव ।।**
(*સૂત્રકૃતાંગસૂત્ર* – *શીલાંકાચાર્ય* કૃત વૃત્તિ - ૧.૧.૧.૨૨)

અર્થ – તથા આ દ્વાદશાંગી શબ્દ અને અર્થની રચના વડે મહાવિદેહ ક્ષેત્રમાં નિત્ય છે. તથા ભરત અને ઐરાવતમાં પણ શબ્દરચના વડે જ દરેક તીર્થંકરો વડે કરાય છે. અન્યથા અર્થરચના વડે તો તે નિત્ય જ છે. ✍ **મુનિ શ્રીસુવ્રતચંદ્રવિજયજી** (ડહેલાવાળા-સમુદાય)

* * *

## 110. કિલ્બિષિક ચારિત્રી અને કિલ્બિષિક દેવ

*પન્નવણાસૂત્ર* નું દસમું દ્વાર રયણદાર - રત્નદ્વાર છે. એના અંતર્ગત અમુક વ્યક્તિઓ મૃત્યુ પામી દેવલોકમાં ક્યાં જાય તેની ચર્ચા છે. સંયમનો વિરાધક-અવિરાધક, કાન્દર્પિક વિગેરે ૧૪ ભેદો છે. એમાં ૧૦ મા ક્રમાંકે કિલ્બિષિકની વાત છે –

**किब्बिसियाणं जहन्नेणं सोहम्मे कप्पे उक्कोसेणं लंतए कप्पे ।।**

અર્થ - કિલ્બિષિકોનો જઘન્યથી સૌધર્મ દેવલોકમાં અને ઉત્કૃષ્ટથી લાંતક દેવલોકમાં ઉપપાત થાય છે.

કિલ્બિષ એટલે પાપ, તે જેમાં હોય તે કિલ્બિષિક. તે ચારિત્રી હોવા છતાં જ્ઞાનાદિનો અવર્ણવાદ કરે. જ્ઞાન, કેવલી, ધર્માચાર્ય, સંઘ અને સાધુઓનો અવર્ણવાદ કરનાર કિલ્બિષિક ભાવના કરે છે.

શાસ્ત્રમાં પૃથ્વીકાય વિગેરે કાયો, પ્રાણાતિપાતવિરમણ વિગેરે વ્રતો, પ્રમાદ ને અપ્રમાદ વિગેરે એકની એક વાત બતાવવામાં આવે છે, બીજું વિશેષ કાંઈ હોતું નથી, માટે પુનરુક્તદોષ છે. વળી મોક્ષના અર્થી જીવને *સૂર્યપ્રજ્ઞપ્તિ* વિગેરે જ્યોતિષશાસ્ત્રનું અને *યોનિપ્રાભૃત* વિગેરે શાસ્ત્રોનું કામ શું છે? જ્ઞાનની નિંદાના પ્રસંગે આવું બોલે તે કિલ્બિષિક.

કિલ્બિષિક કેવળજ્ઞાની વિષે અવર્ણવાદ કરે, ગુરુ વિષે પણ કરે. જેમ કે આ ઉચ્ચ જાતિના નથી, લોકાચાર તો આવડતો જ નથી. આવા અનેક દોષો ગાય. વળી સાધુ ને સંઘની પણ નિંદા કરે. સાધુઓ અસહિષ્ણુ છે, માટે જ સાથે ન રહેતાં દેશાન્તરમાં ભ્રમણ કરે છે.

કિલ્બિષિક કપટી હોય – સામે વાળાને પોતાના તરફ આકર્ષિત કરવા નીચાં નયણાં રાખી શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે મન્દ ગતિએ ચાલે. ઘડીકમાં રોષે ભરાય તો ઘડીકમાં રાજી થાય.

હવે કિલ્બિષિક દેવની વાત.

પાંચ આશ્રવમાં ત્રીજો આશ્રવ પ્રમાદ છે. એના કુલ ૮ ભેદ છે – ૧. વિપરીત જ્ઞાન – મિથ્યાત્વ ૨. આસક્તિ ૩. અપ્રીતિ ૪. સ્મૃતિભ્રંશ ૫. ધર્મમાં અનાદર ૬.-૮. મન-વચન-કાયાની દુષ્ટતા. આમાંથી કોઈ પણ પ્રમાદ જીવનું પતન કરાવે છે. *મૂલશુદ્ધિપ્રકરણ* માં સવિસ્તર આવી વાત લખી છે. બધી વાત ન લખતાં એટલું જણાવાય છે કે પ્રમાદના કારણે કિલ્બિષિક દેવ બનાય.

पमाएणं कुदेवा वि पिसाया भूत किब्बिसा ।
आभिओगत्तणं पत्ता मणोसंतावताविया ।।१५१।।

પ્રમાદથી મરીને પિશાચ, ભૂત, કિલ્બિષિક વિગેરે હલકા પ્રકારના દેવ થાય. કિલ્બિષિક એટલે ચંડાળ જેવા અસ્પૃશ્ય, હલકાં કામ કરનારા. ક્લેશ અને કંકાસની રુચિવાળા સંઘમાંથી કાઢી મૂકાયેલા આવા જીવો મરીને આવા નીચ દેવો થાય.

નોકરપણું અને પરવશતાને પામેલા આ દેવો મનમાં દુઃખથી પીડાય છે કે અરેરે! પ્રમાદને પરવશ થઈ પાપી એવા અમે આ શું કર્યું કે જેથી અમારી આવી હાલત થઈ? આમ વિચારીને તેઓ દુઃખી થાય છે.

*પન્નવણાસૂત્ર* માં જે કિલ્બિષિક ચારિત્રીની વાત છે અને *મૂલશુદ્ધિપ્રકરણ* વગેરે કેટલાક ગ્રંથોમાં જે કિલ્બિષિક દેવની વાત કરી છે તે બંને એક હોઈ શકે? મતલબ કે કિલ્બિષિક ચારિત્રી જ કિલ્બિષિક દેવ બને છે તેમ સમજી શકાય? ✍ **મુનિ શ્રીરાજદર્શનવિજયજી** (ડહેલાવાળા-સમુદાય)

* * *

## 111. अग्नि का लक्षण

नैयायिक दर्शन के अनुसार अग्नि का लक्षण उष्णत्व होता है। किंतु क्या हम जैन दर्शन के अनुसार अग्नि का लक्षण उष्णत्व मान सकते हैं? यदि मानें तो प्रायः तीन स्थल में अतिव्याप्ति होगी -

१. सूर्य की किरण उष्ण है, किंतु अग्नि नहीं है।

२. नरक में पृथ्वी के तथाविध परिणाम से ही उष्णता होती है, किंतु अग्नि नहीं होती।

३. भरत-ऐरावत क्षेत्र में छठे आरे में उष्णता होगी, किंतु अग्नि नहीं होगी।

*तत्त्वार्थसूत्र* – २.१ की टीका में *श्रीसिद्धसेनगणि* ने आत्मा का चैतन्य लक्षण बताने के लिए अग्नि के लक्षण उष्णत्व का दृष्टान्त दिया है तथा औपशमिकादि भाव बताने के लिए धूम का दृष्टान्त दिया है – “अग्नेरुष्णत्ववच्चैतन्यलक्षणमहेयमात्मनः तस्यैवाऽग्नेर्धूमवदौपशमिकादि प्रायो हेयमुपलक्षणम् ।।” ✍ **मुनि श्रीगोयमचंद्रविजयजी** (डहेलावाला-समुदाय)

* * *

# 112. સપ્તભંગીગત ચોથા ભાંગાની વિકલાદેશતા

*સન્મતિતર્ક* માં સપ્તભંગીગત ચોથા ભાંગાને સૂચવનારી ગાથા ૧.૩૭ આ પ્રમાણે છે –

अह देसो सब्भावे, देसोऽसब्भावपज्जवे णियओ ।
तं दवियमत्थि णत्थि य, आएसविसेसियं जम्हा ।।

*શ્રીઅભયદેવસૂરિજી* રચિત *વાદમહાર્ણવ* વૃત્તિમાં આ ગાથાનો સામાન્ય અર્થ આ પ્રમાણે વર્ણવાયો છે –

यदा देशो- वस्तुनोऽवयवः सद्भावेऽस्तित्वे नियतः- 'सन्नेवाऽय'मिति निश्चितः, अपरश्च देशोऽसद्भाव-पर्याये- नास्तित्वे एव नियतः- 'असन्नेवाऽय'-मित्यवगतः, अवयवेभ्योऽवयविनः कथञ्चिदभेदाद् अवयवधर्मैस्तस्याऽपि तथा-व्यपदेशः, यथा – 'कुण्ठो देवदत्त' इति । ततोऽवयवसत्त्वासत्त्वाभ्यामवयव्यपि सदसन् सम्भवति, ततस्तद् द्रव्यमस्ति च नास्ति चेति भवत्युभय-प्रधानावयवभागेन विशेषितं यस्मात् ।।

આ જ અર્થ ગુજરાતીમાં જોઈએ તો –

પદાર્થના સ્વરૂપનો એકદેશ (-એક ભાગ) સદ્ભૂતરૂપે (-સત્પણે) વિચારીએ અને પદાર્થના તે જ સ્વરૂપનો બીજો એક ભાગ અસદ્ભૂતરૂપે વિચારીએ, તો તે જ દ્રવ્ય 'અસ્તિ-નાસ્તિ' રૂપ બને છે. કારણ કે વિવક્ષાના વશથી એક જ દ્રવ્ય બે ભાવરૂપે વિશેષિત બને છે.

જે મુનિવરોએ સપ્તભંગીનો થોડોક પણ અભ્યાસ કર્યો હશે તેઓ ચોથા ભાંગાનો અર્થ આ જ રીતે સમજતા હશે. પરંતુ હમણાં થોડાક વખત પૂર્વે પ્રકાશિત સપ્તભંગીને સંબંધિત સંસ્કૃત નિબંધ તેમ જ ગુજરાતી રાસ અને વિવેચનને સમાવતા એક પુસ્તકમાં આ અંગે કેટલીક આશંકાઓ રજૂ થયેલી જોઈ, જે ખરેખર પુનર્વિચારણીય જણાઈ. તેથી અત્રે તે આશંકાઓ પર થોડોક વિમર્શ પ્રસ્તુત કર્યો છે.

મૂળ પુસ્તકમાં ગુજરાતી વિભાગમાં તે આશંકાઓ શંકા-પ્રતિશંકા સ્વરૂપે રજૂ થઈ છે. સૌપ્રથમ તેને જ યથાવત્ સ્વરૂપે જોઈએ તો –

**શંકા** – ચોથો ભાંગો 'સ્યાદસ્ત્યેવ સ્યાન્નાસ્ત્યેવ' રૂપ સસંયોગી ભાંગો હોય તો તે સકલ-સમગ્ર વસ્તુને વિશે જ અસ્તિત્વ-નાસ્તિત્વને કહે છે એવું માનો તો શું દોષ? **પ્રતિશંકા** – બન્ને વચ્ચે વિરોધ હોવાથી બન્નેનો એક જ જગ્યાએ આશ્રય ન થઈ શકે. **શંકા** – સ્યાદસ્તિત્વ અને સ્યાન્નાસ્તિત્વની વચ્ચે વિરોધ જ નથી. આ વાત *નયરહસ્ય* અને *સ્યાદ્‌વાદમંજરી* વગેરેમાં સ્પષ્ટ કહી છે કે ચણોઠીમાં અવયવભેદે જેમ લાલ અને કાળો રંગ રહે છે, તેમ ઘડા વગેરેમાં અવયવભેદે સત્ત્વ અને અસત્ત્વ નથી રહેતાં, વ્યાપક રીતે રહે છે. **પ્રતિશંકા** – એક આધારમાં બે ધર્મો વ્યાપ્યવૃત્તિ ન હોય. **શંકા** – જેમ રામમાં પુત્રત્વ અને પિતૃત્વ ધર્મ તથા જેમ અનામિકા આંગળીમાં દીર્ઘત્વ અને હ્રસ્વત્વ એક સાથે વ્યાપીને રહી શકે છે, તેમ એક સાથે સકલ વસ્તુમાં અનેક ધર્મો વ્યાપીને રહી શકવામાં વાંધો નથી. આ તત્ત્વ સમજવું. **પ્રતિશંકા** – પાણીથી ભરેલા ઘડામાં જેમ જલસંયોગ અભ્યન્તર-દેશ-અવચ્છેદેન છે, બાહ્ય-દેશ-અવચ્છેદેન નહીં. આમ જેમ જલવત્ત્વ અને જલાભાવ આ બન્નેય દેશભેદેન રહે, તેમ અહીં પણ ઘટમાં અસ્તિત્વ અને નાસ્તિત્વ દેશભેદેન રહે, એમાં શું વાંધો? **શંકા** – પરંતુ, અહીં તેવી વિવક્ષા જ નથી. અન્યથા પ્રથમ-દ્વિતીય ભાંગા દ્વારા કેમ સમગ્ર વસ્તુમાં અસ્તિત્વ-નાસ્તિત્વનો બોધ કરી શકાય? *નયરહસ્ય* આદિ ગ્રંથોમાં દેશભેદે તે બન્નેને રાખવાનો નિષેધ સૂચવ્યો છે. અને એમ કરતાં ધર્મીનો ભેદ થાય, જેમ કે – પ્રથમના ત્રણ ભાંગા સકલ વસ્તુવિષયક છે અને પછીના ચાર ભાંગા જો અવયવવિષયક હોય તો પ્રથમનો ધર્મી અવયવી બને, અને પછીનાનો અવયવ બને. માટે બન્નેના ધર્મી બદલાઈ જાય, માટે ત્રીજા વગેરે ભાંગાના અર્થને પણ સકલ વસ્તુમાં જ રાખવાં જોઈએ. **સમાધાન** – વાત યોગ્ય છે. આખી વસ્તુમાં જ સત્ત્વાસત્ત્વનો સમવતાર કરવો યોગ્ય છે. છતાંય કેમ વૃત્તિકારે દેશમાં- અવયવમાં કર્યો, તે સમજાતું નથી.

આ પછી તે પુસ્તકમાં 'આદેશ' અને 'દેશ' શબ્દોના નવા અર્થો દર્શાવીને *સન્મતિતર્ક* ની ગાથાનો ભાવાર્થ સ્પષ્ટ કરવા પ્રયત્ન કરવામાં આવ્યો છે. પરંતુ અત્રે તે નવા અર્થો પર વિમર્શ કરવો ઉચિત નથી ધાર્યો. કારણ કે જો ઉપર દર્શાવેલી રીતે વૃત્તિકાર ભગવંતે દર્શાવેલ અર્થ અસ્વીકાર કરવા યોગ્ય સિદ્ધ થાય તો જ નવા અર્થ કરવાનું વિચારી શકાય. પણ નીચે દર્શાવ્યા મુજબ જોઈએ તો વૃત્તિકાર ભગવંતનો અર્થ શ્રદ્ધેય જ જણાય છે –

૧. સંયોગથી જન્મનારા છેલ્લા ચાર ભાંગા માટે, સકલ અવયવીને બદલે તેના અવયવોમાં સદ્ભાવ-અસદ્ભાવ પર્યાયોનો આદેશ કરવાની વાત માત્ર *સન્મતિતર્ક* ની વૃત્તિમાં જ નથી, પણ સપ્તભંગીનું વિશદ વિવેચન કરનારા લગભગ દરેક ગ્રંથમાં છે. એટલું જ નહીં, *શ્રીવાદીદેવસૂરિજી*, *શ્રીમલ્લિષેણસૂરિજી* આદિ જે ભગવંતો *સન્મતિ* ની પ્રસ્તુત પ્રરૂપણાથી જુદા પડીને સપ્તભંગીના સાતે સાત ભાંગાને સકલાદેશ-વિકલાદેશ ગણે છે, તેઓ પણ સાંયોગિક ભાંગાઓને તો અવયવોમાં જ ઘટાવે છે. એટલે 'કેમ વૃત્તિકારે દેશમાં- અવયવમાં કર્યો, તે સમજાતું નથી' એટલું કહી દેવામાત્રથી આ પ્રરૂપણાને અશ્રદ્ધેય ઠરાવી શકાય નહીં.

૨. સંયોગથી જન્મનારા છેલ્લા ચાર ભાંગાની પ્રરૂપણા કરતી *સન્મતિતર્ક* ની ગાથાઓ *ઉપાધ્યાય શ્રીયશોવિજયજી* રચિત *અષ્ટસહસ્રીતાત્પર્યવિવરણ* માં વૃત્તિ સાથે ઉદ્ધૃત છે. ત્યાં પણ તેઓએ 'દેશ'નો અર્થ 'સકલ વસ્તુનો એક અવયવ' એવો જ કર્યો છે. એ સિવાય પણ *અનેકાંતવ્યવસ્થા*, *ગુરુતત્ત્વવિનિશ્ચયવિવરણ* વગેરે અનેક ઠેકાણે તેઓશ્રીએ આ ભાંગા શા માટે અવયવોમાં જ ઘટાવવા જોઈએ તે સ્પષ્ટ કર્યું છે. એટલે વૃત્તિકારની આ પ્રરૂપણાને એકાએક અમાન્ય ન જ કરી શકાય.

૩. એક ઘણી જ મહત્ત્વપૂર્ણ વાત એ છે કે *શ્રીભગવતીસૂત્ર* - ૧૨.૧૦ માં સ્વયં શ્રીવીરપ્રભુએ પરમાણુમાં સપ્તભંગીના પહેલા ત્રણ જ ભાંગા ઘટે, છેલ્લા ચાર સાંયોગિક ભાંગા ત્યાં ન ઘટે તેમ સ્પષ્ટ ફરમાવ્યું છે. ત્યાં તેનું કારણ એ જ જણાવાયું છે કે પરમાણુમાં ટૂકડા કરવા સંભવિત ન હોવાથી તેમાં અવયવો જ નથી હોતા. અને અવયવભેદ વગર તો સાંયોગિક ભાંગા ઘટાવાય જ કઈ રીતે? એ જ રીતે દ્વ્યણુકમાં બે અવયવો શક્ય હોવાથી તેમાં પહેલા ત્રણ અસાંયોગિક ભાંગા અને પછીના ત્રણ

સાંયોગિક ભાંગા ઘટાવ્યા છે, પણ સપ્તભંગીના સાતમા ભાંગા માટે અવયવીના ત્રણ અવયવો જરૂરી બનતા હોવાથી સાતમો ભાંગો દ્વ્યણુકમાં ન ઘટે એમ જણાવ્યું છે. જો વિવેચનકાર સમજાવે છે તેમ, આખી વસ્તુમાં જ સાંયોગિક ભાંગા ઘટાવવાના હોય તો, પરમાણુ કે દ્વ્યણુકમાં સપ્તભંગીના અમુક ભાંગા ઘટે અને અમુક નહીં એવું પ્રભુ શા માટે ફરમાવે? વિવેચનકારે કરેલા નવા અર્થો પ્રમાણે તો પરમાણુ કે દ્વ્યણુકમાં પણ સપ્તભંગીના સાતે ભાંગા ઘટાવવા શક્ય જ બને છે. અને તેમ છતાં જો *શ્રીભગવતીસૂત્ર* માં પરમાણુ કે દ્વ્યણુકમાં સાતે ભાંગા ઘટાવવાની ના પાડી હોય તો એ અર્થો આપોઆપ અમાન્ય જ ન ઠરે?

વળી, *શ્રીભગવતીસૂત્ર* નો એ મૂળ પાઠ આપણે જોઈએ તો તરત જણાશે કે સ્વયં પ્રભુ વીર જ સાંયોગિક ભાંગાઓને અવયવભેદે ઘટાવે છે. તો *સન્મતિ* ના વૃત્તિકારે કહેલી સાંયોગિક ભાંગા અવયવભેદે ઘટાવવાની વાતમાં આશંકા કરવાનું વાજબી ગણાય ખરું?

૪. જે મુનિવરોએ જૈન ન્યાયનો અભ્યાસ કરેલો હોય તેમના માટે આ સંદર્ભે ખૂબ ઉપયોગી એવાં *ઉપાધ્યાયજી ભગવંત* નાં કેટલાંક વચનો –

अवच्छेदकभेदं विना सप्रतिपक्षविषयसमावेशस्य दुर्वचत्वात् ।। - *ગુરુતત્ત્વવિનિશ્ચયવિવરણ*

देशभेदं विनैकत्र तु क्रमेणाऽपि सदसत्त्वविवक्षा सम्प्रदायविरुद्धत्वान्नोदेतीति न निरवयवद्रव्यविषयत्वमेषामित्यस्मदभिमतोक्तमेव युक्तमिति मन्तव्यम् ।। - *અષ્ટસહસ્રીતાત્પર્યવિવરણ*

आद्ययोरपि भङ्गयोः स्वद्रव्य-परद्रव्याभ्यां विभज्यते एव घट इति तत्समुदायात् कोऽस्य विशेष इति चेत्? न, तत्राऽस्तित्व-नास्तित्वावच्छेदकद्वारा विभागोऽवयवद्वारा विभागाभावात्, अत्र तु तद्द्वारा विभागेन विशेषात् । तद्द्वारा विभागकरणे एव किं बीजमिति चेत्? सावयव-निरवयववस्तुनस्तथाप्रतिपत्तिजनक-सावयव-निरवयवत्वशबलैकस्वरूप-वाक्यत्वेन प्रामाण्यरक्षार्थमिति दिक् ।। - *અનેકાંતવ્યવસ્થા*

૫. આ આખી વાતમાં મૂળગામી વિચારણા કરીએ તો, જૈન દર્શનની માન્યતા મુજબ કોઈ પણ ધર્મ કે પર્યાય એના આધારભૂત ધર્મી પદાર્થમાં સમગ્રપણે જ વ્યાપ્ત હોય છે, એના એક અવયવમાં એ હોય અને એકમાં ન હોય એવું નથી જ બનતું. આમ, જૈનમતે કોઈ પણ ધર્મ વ્યાપ્યવૃત્તિ (-સમગ્ર પદાર્થમાં રહેવાના સ્વભાવવાળો) હોવા છતાં, તે ચોક્કસ અપેક્ષા વગર ધર્મીમાં રહી શકતો નથી. આ અપેક્ષા સપ્તભંગીના સાત ભાંગાઓમાં स्यात् પદથી દર્શાવવામાં આવે છે. જેમ કે स्याद् घटोऽस्ति એ ભાંગામાં (-'ઘટમાં અસ્તિત્વ છે' એ વિધાનમાં) અસ્તિત્વ સ્વદ્રવ્યાદિની અપેક્ષાએ જ છે, પરદ્રવ્યાદિની અપેક્ષાએ નહીં, તે દર્શાવવા માટે स्यात् પદ મૂકવામાં આવે છે. આ રીતે स्यात् પદ મૂકવામાં ન આવે તો અસ્તિત્વ ઘટમાં સઘળીયે અપેક્ષાએ રહે છે જ, એવું સાબિત થાય, જે જૈનમતે અનિષ્ટ છે. ટૂંકમાં, ધર્મ વ્યાપ્યવૃત્તિ હોય તો પણ, કોઈ ચોક્કસ અપેક્ષા વગર એ ધર્મીમાં ન જ રહી શકે એમ સ્યાદ્વાદ સ્વીકારે છે.

(FYI : સકલ પદાર્થમાં રહેવું એને ન્યાયની પરિભાષામાં વ્યાપ્યવૃત્તિતા કહેવાય છે. અને ચોક્કસ અપેક્ષાએ રહેવું એને સાવચ્છિન્નવૃત્તિતા કહેવાય છે. ન્યાયમતે વ્યાપ્યવૃત્તિતા અને સાવચ્છિન્નવૃત્તિતા તે બે પ્રાયઃ વિરોધી બાબત છે. તેથી તે મતે સાવચ્છિન્નવૃત્તિતા ધરાવતો ધર્મ અવ્યાપ્યવૃત્તિ જ હોઈ શકે, જેમ કે વૃક્ષમાં શાખાવચ્છેદેન કપિસંયોગ. જ્યારે જૈનમતે વ્યાપ્યવૃત્તિ ધર્મ પણ સાવચ્છિન્નવૃત્તિતા જ ધરાવતો હોય છે. નિરવચ્છિન્નવૃત્તિતા ધરાવવી એને એકાંતવાદ તરીકે ઓળખવામાં આવે છે.)

હવે, ભિન્ન ભિન્ન અપેક્ષાને લીધે બે વિરુદ્ધ કે ભિન્ન ધર્મો એક જ વસ્તુમાં વ્યાપીને રહી શકે છે. જેમ કે સ્વદ્રવ્યાદિની અપેક્ષાએ અસ્તિત્વ અને પરદ્રવ્યાદિની અપેક્ષાએ નાસ્તિત્વ એક જ ઘટમાં સમગ્રપણે હોઈ શકે છે. મતલબ કે તેનો કોઈ અવયવ અસ્તિત્વ ધરાવે છે અને કોઈ અવયવ નાસ્તિત્વ એવું નથી. પણ આમાં સમજવા જેવી મહત્ત્વપૂર્ણ વાત એ છે કે બન્ને ધર્મોનો એક જ પદાર્થમાં સમાવેશ કરતી વખતે પણ તેમની અપેક્ષાઓને તો અલગ-અલગ જ રાખવી પડે. જેમ કે પૂર્વના ઉદાહરણમાં અપેક્ષારૂપ સ્વદ્રવ્યાદિ અને પરદ્રવ્યાદિને ભિન્ન ભિન્ન રાખીએ તો જ

ઘટમાં અસ્તિત્વ અને નાસ્તિત્વ બન્ને સમજી શકાય. અન્યથા એ અપેક્ષાઓને પણ ભેગી કરી નાખવામાં આવે તો સ્વદ્રવ્યાદિ અને પરદ્રવ્યાદિની એકસાથે અપેક્ષાએ તો ઘડામાં એકલું અસ્તિત્વ પણ નથી અને એકલું નાસ્તિત્વ પણ નથી. એટલે ઘડાને अस्ति કે नास्ति ન કહેતાં अवक्तव्य જ કહેવો પડે.

ટૂંકમાં, ઘડામાં ક્રમશઃ સ્વદ્રવ્યાદિ અને પરદ્રવ્યાદિ સ્વરૂપ અપેક્ષાઓ વારાફરતી લાગુ કરીએ તો અનુક્રમે स्यादस्ति એ પહેલો ભાંગો અને स्यान्नास्ति એ બીજો ભાંગો આવે અને બંને અપેક્ષાઓને એકસાથે લાગુ કરીએ તો स्यादवक्तव्य એ ત્રીજો ભાંગો આવે. અહીં ધ્યાનપાત્ર વાત એ છે કે કાળભેદે અપેક્ષાઓ લાગુ પાડીએ તો જ स्यादस्ति અને स्यान्नास्ति સમજી શકાય, અન્યથા કાળભેદ વગર તો स्यादवक्तव्य જ આવી જાય.

હવે જો આપણે કાળભેદ વગર જ અપેક્ષાઓ લાગુ પાડવી છે અને તેમ છતાં પણ स्यादवक्तव्य નથી આવવા દેવું, તો એક જ વિકલ્પ બચે છે – દેશભેદ. અર્થાત્ એક જ વસ્તુમાં એકસાથે સ્વદ્રવ્યાદિ અને પરદ્રવ્યાદિ એ બન્ને અપેક્ષાઓ લાગુ પાડવી છે તો તે વસ્તુના અવયવો કલ્પવા જ પડે. અને એ બે અવયવોમાંથી એકમાં સ્વદ્રવ્યાદિ અને બીજામાં પરદ્રવ્યાદિ એ અપેક્ષાઓ લાગુ પાડીએ તો घटः स्यादस्ति स्यान्नास्ति च એ સાંયોગિક ભાંગો આવે.

આનો અર્થ એ થયો કે બે અલગ અપેક્ષાઓ એક જ વસ્તુમાં લાગુ પાડવી હોય તો બે જ રસ્તા છે – કાળભેદ અથવા દેશભેદ. કાળભેદ કરો તો પહેલા બે ભાંગા આવે અને દેશભેદ કરો તો સાંયોગિક ચોથો ભાંગો. અને કશું જ ન કરો તો स्यादवक्तव्यનો ત્રીજો ભાંગો. આટલી વાત જો ધ્યાનમાં રાખીએ તો પ્રથમ ત્રણ ભાંગા શા માટે સીધા વસ્તુમાં જ લાગુ પડે છે અને પછીના ચાર સાંયોગિક ભાંગા શા માટે વસ્તુના અવયવોમાં લાગુ પડે છે તે સમજવું મુશ્કેલ નહીં બને.

*નયરહસ્ય* વગેરેમાં દેશભેદે ધર્મોની વૃત્તિતાનો નિષેધ કર્યો છે, તે યોગ્ય જ છે. કારણ કે ધર્મો વ્યાપ્યવૃત્તિ જ હોય છે. પણ દેશભેદે અપેક્ષાઓ લાગુ પાડીને વિભિન્ન ધર્મોની વ્યાપ્યવૃત્તિતાને સમજીએ તો કોઈ દોષ નથી. રામમાં પિતૃત્વ અને પુત્રત્વ એ બંને ધર્મો વ્યાપીને રહે છે એમાં પ્રશ્ન જ ક્યાં છે? પણ એ પિતૃત્વ અને પુત્રત્વની

અપેક્ષારૂપ લવકુશ અને દશરથને એક કરી નાખો તો શું થાય? એ બેને અલગ રાખો તો જ એમની અપેક્ષાએ રામમાં પિતૃત્વ અને પુત્રત્વ સમજી શકાય. અન્યથા બન્નેની અપેક્ષાએ તો રામ પિતા પણ નથી અને પુત્ર પણ નથી. અને અપેક્ષાઓ અલગ રાખવા પહેલાં જણાવ્યું તેમ કાળભેદ કે દેશભેદ કરવો જ રહ્યો.

૬. વિવેચનકારે ઉઠાવેલો એક પ્રશ્ન તો હજુ ઊભો જ રહે છે કે ત્રણ અસાંયોગિક ભાંગા સકલ ધર્મીમાં લાગુ કરવાના અને ચાર સાંયોગિક ભાંગા એના અવયવોમાં. તો એક ધર્મીમાં તો સપ્તભંગી ન જ થઈ ને?

વાસ્તવમાં સપ્તભંગી વિશે વિવરણ કરનારા સૌ પૂર્વસૂરિઓએ સાંયોગિક ભાંગાઓને અવયવોમાં ઘટાવવા છતાં, તે ભાંગા પહેલા ત્રણ અસાંયોગિક ભાંગાઓની જેમ સકલ અવયવીમાં જ લાગુ પડે છે તે સ્પષ્ટ કરી જ આપ્યું છે. સ્યાદ્વાદમતે અવયવ અને અવયવીમાં કંઈક અભિન્નતા જ હોય છે. એટલે અવયવોમાં લાગુ પડતો ધર્મ અવયવીમાં લાગુ પડે જ.

ખરેખર તો આપણે જો થોડોક વધુ વિચાર કરીએ તો આપોઆપ સમજાય કે અવયવોમાં તો ફક્ત અપેક્ષાઓ જ લાગુ કરવાની છે, એ અપેક્ષાઓને લીધે આવતો ધર્મ તો અવયવીનો જ છે. એટલે સપ્તભંગીના સાતે સાત ભાંગા સીધા અવયવીમાં જ લાગુ થાય છે. પણ એવો ઊંડો વિચાર ન કરવો હોય તો પણ અવયવોમાં લાગુ પડતા ધર્મને સ્યાદ્વાદની મદદથી અવયવીમાં પણ ઘટાવી જ શકાય છે. અલબત્ત, બેમાંથી કોઈ પણ માર્ગ અપનાવો, સપ્તભંગીના સાતે સાત ભાંગા એક જ પદાર્થમાં કેવી રીતે લાગુ પાડવા તે સમસ્યાનું સમાધાન તો થઈ જ જાય છે.

<u>નિષ્કર્ષ</u> – પરસ્પર વિરોધી જણાતા ધર્મોની પોષક અપેક્ષાઓને એક જ સ્થળે એકસાથે લાગુ કરવા માટે અવયવીના અવયવો કલ્પીને જ તેમાં તે અપેક્ષાઓને ઘટાવવી પડે એ સર્વમાન્ય સિદ્ધાંત છે. અને *સન્મતિતર્ક* ની વૃત્તિમાં *શ્રીઅભયદેવસૂરિજી મહારાજ* એ જ સર્વમાન્ય વ્યવસ્થાને અનુસર્યા છે. એટલે એમની પ્રરૂપણાને આશંકાની નજરે જોવી યોગ્ય જણાતું નથી.

મિત્ર મુનિવરો આ વિમર્શ પર પોતાનું ચિંતન પત્રચર્ચાના માધ્યમથી પીરસે તેવી નમ્ર વિજ્ઞપ્તિ. ✒ **ત્રૈ.**

## 113. आइगराणं પદની વ્યાખ્યામાં ભિન્નતા

શક્રસ્તવની आइगराणं વગેરે ત્રણ પદોને સમાવતી બીજી સંપદા સામાન્ય રીતે 'ઓઘહેતુ' સંપદા તરીકે ઓળખાય છે. ઓઘ એટલે સામાન્ય. અરિહંત શા માટે સ્તોતવ્ય છે તેનાં સામાન્ય કારણો આ સંપદામાં જણાવાયાં હોવાથી આ સંપદા ઓઘહેતુ-સંપદા તરીકે ઓળખાય છે.

આ સંપદામાં સમાવિષ્ટ પદોમાંથી પ્રથમ પદ आइगराणं નો અર્થ *શ્રીશાંતિસૂરિ* વિરચિત *ચૈત્યવંદનમહાભાષ્ય* માં આ પ્રમાણે જણાવાયો છે –

आइगरा ते भणिया, जम्हा उप्पन्नकेवला सव्वे ।

आइं कुणंति नियमा, सुयधम्म-चरित्तधम्माणं ।।

अत्थं भासइ अरिहा, सुत्तं गंथंति गणहरा निउणं ।

सासणस्स हियट्ठाए, तओ सुत्तं पवत्तइ ।।

सामाइयाइया वा, वय-जीवनिकाय-भावणा पढमं ।

एसो धम्मोवाओ, जिणेहिँ सव्वेहिँ उवइट्ठो ।।

આનો અર્થ – અરિહંતોને 'આદિકર' કહ્યા છે, કેમ કે બધા અરિહંતો કેવલજ્ઞાન ઉત્પન્ન થતાં નિયમા શ્રુતધર્મ અને ચારિત્રધર્મની આદિને કરે છે. અર્થાત્ શ્રુતધર્મ અને ચારિત્રધર્મનો ઉપદેશ આપે છે. અરિહંતો અર્થનું ભાસન કરે છે અને ગણધરો એ અર્થના આધારે નિપુણપણે સૂત્રરચના કરે છે. અને પછી શાસનના હિત માટે તે સૂત્ર પ્રવર્તે છે. અથવા સામાયિક વગેરે વ્રતો, છ જીવનિકાય, ભાવના – આ ધર્મનો ઉપાય છે. ધર્મના આ ઉપાયોનો સર્વપ્રથમ ઉપદેશ અરિહંતોએ આપ્યો છે.

મતલબ કે અત્રે શ્રુતધર્મ અને ચારિત્રધર્મની આદિ કરવાની અપેક્ષાએ અરિહંતોને 'આદિકર' કહ્યા છે.

પરંતુ *શ્રીહરિભદ્રસૂરિજી* રચિત *લલિતવિસ્તરા* ગ્રંથમાં आइगराणं પદનો જુદો જ ભાવ દર્શાવાયો છે –

इहादौ करणशीला आदिकराः, अनादावपि भवे तदा तदा तत्तत्कर्माण्वादिसम्बन्धयोग्यतया विश्वस्याऽऽत्मादिगामिनो जन्मादिप्रपञ्च-स्येति हृदयम् ।।

આનો સામાન્ય અર્થ – આદિકર એટલે આદિ કરવાના સ્વભાવવાળા. આ અનાદિ સંસારમાં તે તે કાળે તેવા પ્રકારના વિચિત્ર સ્વભાવવાળાં કર્મપુદ્ગલોની સાથે સંબંધ ધરાવવાની યોગ્યતાને લીધે પોતાના સમગ્ર જન્માદિ પ્રપંચની જે આદિ કરે તે આદિકર કહેવાય. અર્થાત્ જન્માદિ કરવાનો સ્વભાવ હોવાને લીધે તે તે જન્માદિને પ્રવર્તાવવાં તે જ અરિહંતોનું આદિકરત્વ છે.

પ્રશ્ન એ થાય કે આવું આદિકરત્વ તો માત્ર અરિહંતોમાં જ નહિ, પણ જીવમાત્રમાં હોય છે. તો એ એમનો સ્તુતિ કરવા યોગ્ય વિશેષ ગુણ કઈ રીતે ગણાય? તો આનું સમાધાન એ છે કે *લલિતવિસ્તરા* માં આ આદિકરત્વને જીવમાત્ર સાથેના અરિહંતોના સાધારણ ધર્મ તરીકે જ વર્ણવાયું છે. એટલે આ આદિકરત્વ બધા જ જીવોમાં ઘટે તે ત્યાં ઈષ્ટ જ છે.

વાસ્તવમાં *લલિતવિસ્તરા* માં શક્રસ્તવની બીજી સંપદાને ‘સાધારણ-અસાધારણ હેતુ’ સંપદા તરીકે ઓળખાવવામાં આવી છે. અર્થાત્, આદિકરત્વ એ અરિહંતોનો સાધારણ ધર્મ છે અને તીર્થંકરત્વ તથા સ્વયંસંબુદ્ધત્વ એમના અસાધારણ ધર્મો છે. અને આ સાધારણ તેમ જ અસાધારણ – ઉભય ધર્મો એમની સ્તુતિ કરવામાં હેતુભૂત છે. જુઓ મૂળ પાઠ –

तदन्यैस्तु त्रिभिः स्तोतव्यसम्पद एव प्रधाना साधारणा-ऽसाधारणरूपा हेतुसम्पत्, यत आदिकरणशीला एव तीर्थकरत्वेन स्वयंसम्बोधतश्चैते भवन्ति ।।

પ્રશ્ન એ થાય કે પ્રચલિત અર્થને ત્યજીને આ પદનો આવો નવો જ અર્થ કરવાનું શું કારણ હોઈ શકે? આનો એક સંભવિત ઉકેલ એમ જણાય છે કે વસ્તુતઃ

*લલિતવિસ્તરા* ના કર્તાને શક્રસ્તવની પૃષ્ઠભૂમિકા પર તે તે દાર્શનિક માન્યતાઓની સમીક્ષા કરવાનું ઈષ્ટ છે. હવે જો તેઓ आइगराणं પદનો પ્રચલિત અર્થ જ દર્શાવે તો તેઓને આત્મામાં સર્વથા અકર્તૃત્વ માનનારા સાંખ્યમતનું ખંડન કરવાનું ઈષ્ટ છે, તે ન જ થઈ શકે. અને આમે એક એક પદના અનંત અર્થો થઈ શકે તે તો સંમત જ છે. તેથી તેઓએ आइगराणं પદનો એક નવો જ, અને છતાં સર્વથા યુક્તિયુક્ત એવો, અર્થ દર્શાવ્યો છે. જુઓ તેઓશ્રીએ સ્વયં આ સંદર્ભે કરેલી સ્પષ્ટતા –

एतेऽपि भगवन्तः प्रत्यात्मप्रधानवादिभिर्मौलिकसाङ्ख्यैः सर्वथा-ऽकर्तारोऽभ्युपगम्यन्ते 'अकर्ताऽऽत्मा' इति वचनात् । तद्व्यपोहेन कथञ्चित्-कर्तृत्वाभिधित्सयाऽऽह - 'आदिकरेभ्य' इति ।।

આમ, आइगराणं પદનો જીવમાત્રમાં હોઈ શકે તેવો એક નવો જ અર્થ દર્શાવીને *શ્રીહરિભદ્રસૂરિજી* એ સાંખ્યસંમત અકર્તૃત્વવાદનું ખંડન કરવાની ભૂમિકા ઊભી કરી આપી છે એમ સમજી શકાય. ✎ **त्रै.**

## *ગણિતાનુયોગ*

## 114. *દંડકપ્રકરણ* અને *ષડશીતિ* માં ભિન્ન-ભિન્ન અલ્પબહુત્વ વિશે

*શ્રીગજસાર* મુનિ વિરચિત *દંડકપ્રકરણ* માં ચઉરિન્દ્રિયથી પંચેન્દ્રિય તિર્યંચ અધિક કહ્યાં છે અને બેઈન્દ્રિયથી તેઈન્દ્રિય અધિક કહ્યાં છે. પરંતુ *શ્રીદેવેન્દ્રસૂરિ* વિરચિત ચતુર્થકર્મગ્રન્થ *ષડશીતિ* માં પંચેન્દ્રિયથી ચઉરિન્દ્રિય અધિક કહ્યાં છે અને તેઈન્દ્રિયથી બેઈન્દ્રિય અધિક કહ્યાં છે.

पज्ज मणु बायरग्गी वेमाणिय भवण निरय वंतरिया ।
जोइस चऊ पण तिरिया बेइंदि तेइंदि भू आऊ ।।
वाऊ वणस्सइ च्चिय अहिया अहिया कमेणिमे हुंति ।। (*દંડક* – ૪૧)

અર્થ - પર્યાપ્ત મનુષ્યો, બાદર અગ્નિકાય, વૈમાનિક દેવો, નારકો, વ્યંતર દેવો, જ્યોતિષ દેવો, ચઉરિન્દ્રિય, પંચેન્દ્રિય તિર્યંચો, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, પૃથ્વીકાય, અપ્કાય, વાયુકાય અને વનસ્પતિકાય અનુક્રમે અધિક અધિક છે.

पण चउतिदुएगिंदि थोवा तिन्नि अहिया अणंतगुणा ।। (ષડશીતિ - ૩૮)

અર્થ – ઈન્દ્રિય માર્ગણામાં સૌથી થોડા પંચેન્દ્રિય છે, તેનાથી વિશેષાધિક ચઉરિન્દ્રિય છે, તેનાથી વિશેષાધિક તેઈન્દ્રિય છે, તેનાથી વિશેષાધિક બેઈન્દ્રિય છે, તેનાથી અનંતગુણા એકેન્દ્રિય છે.

આ પ્રમાણે બન્નેમાં ભિન્ન-ભિન્ન અલ્પબહુત્વ કહ્યું છે તેનું કારણ એ છે કે *દંડકપ્રકરણ* માં જે બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય, પંચેન્દ્રિય તિર્યંચનું અલ્પબહુત્વ કહ્યું છે તે માત્ર પર્યાપ્ત જીવોની અપેક્ષાએ છે, પણ અપર્યાપ્ત જીવોની અપેક્ષાએ નથી. કારણ કે ૪૧ મી ગાથાની આદિમાં રહેલ पज्ज પદ ગાથાના દરેક પદ સાથે જોડવાનું છે. જ્યારે *ષડશીતિ* માં જે અલ્પબહુત્વ કહ્યું છે તે સામાન્યથી પર્યાપ્ત અને અપર્યાપ્ત બન્ને પ્રકારના જીવોની અપેક્ષાએ છે.

*પ્રજ્ઞાપનાસૂત્ર* – પદ - ૩ માં પણ આ બંને પ્રકારનું અલ્પબહુત્વ કહ્યું છે -

गोयमा! सव्वत्थोवा पंचिंदिया, चउरिंदिया विसेसाहिया, तेइंदिया विसेसाहिया, बेइंदिया विसेसाहिया, अणिंदिया अणंतगुणा, एगिंदिया अणंतगुणा, सइंदिया विसेसाहिया ।।

गोयमा ! सव्वत्थोवा चउरिंदिया पज्जत्तगा, पंचिंदिया पज्जत्तगा विसेसाहिया, बेइंदिया पज्जत्तया विसेसाहिया, तेइंदिया पज्जत्तगा विसेसा-हिया, एगिंदिया पज्जत्तगा अणंतगुणा, सइंदिया पज्जत्तगा विसेसाहिया ।।

**મુનિ શ્રીસુવ્રતચંદ્રવિજયજી** (ડહેલાવાળા-સમુદાય)

* * *

# 115. સાન્નિપાતિકના ૨૬ ભાંગા

*અનુયોગદ્વાર* વગેરે ગ્રંથોમાં સાન્નિપાતિકના જે ૨૬ ભાંગા બતાવ્યા છે. તેમાંથી ૬ ભાંગા જ નરકાદિ ચાર ગતિમાં ઘટે છે, બાકીના ૨૦ ભાંગા તો રચનામાત્ર જ છે એમ ત્યાં જણાવાયું છે –

एषामौदयिकादीनां पञ्चानां भावनां द्विक-त्रिक-चतुष्क-पञ्चकसंयोगैर्ये षड्विंशतिर्भङ्गा भवन्ति, ते सर्वेऽपि सान्निपातिको भाव इत्युच्यते । एतेषु मध्ये जीवेषु नारकादिषु षडेव भङ्गाः सम्भवन्ति, शेषास्तु विंशतिर्भङ्गका रचनामात्रेणैव भवन्ति ।।

બીજી બાજુ *તત્ત્વાર્થ*ની *સિદ્ધસેનીય* ટીકા (૨.૧) માં સાન્નિપાતિકના ૨૬ વિકલ્પો બતાવ્યા છે. તેમાં ૧૧ ભાંગા ત્યાજ્ય બતાવ્યા છે અને ૧૫ ભાંગાઓ ગ્રહણ કર્યા છે –

एषामेवौपशमिकादीनां द्विकादिसंयोगेन सान्निपातिको निष्पद्यते षड्विंशतिविकल्पः, तत्रैकादश विरोधित्वादसम्भवतस्त्यक्ता विकल्पाः, पञ्च-दशोपात्ताः *प्रशमरतौ* सम्भविनः "षष्ठश्च सान्निपातिक इत्यन्यः पञ्चदशभेदः" (१९७) इति वचनात् ।

*પ્રશમરતિ* માં પણ એમ જ જણાવાયું છે – तत्र विरोधित्वादेकादश त्याज्याः, शेषाः पञ्चदशाऽविरोधिनः संभवन्ति ।।

અહીં સમાધાન અંગે વિચારતાં એવું લાગે છે કે *તત્ત્વાર્થ*માં અને *પ્રશમરતિ* માં જે एकादश પાઠ આવ્યો છે. એની જગ્યાએ विंशति પાઠ હોવો જોઈએ. કેમ કે બન્ને ગ્રંથમાં જે ૧૫ ભાંગાઓ ગ્રહણ કર્યા છે તે *અનુયોગદ્વાર*માં ગ્રહણ કરાયેલા ૬ ભાંગાના જ ગતિના ભેદથી ૧૫ થયા છે. ✒ **મુનિ શ્રીસૌમ્યપ્રભવિજયજી** (શ્રીકેસર-સૂરિજી-સમુદાય)

* * *

# 116. चक्षुरिन्द्रिय का परिमाण

चक्षुरिन्द्रिय का परिमाण दो रूप से है – १. प्रकाश्य विषयक - साधिक एक लाख योजन दूर रही वस्तु को चक्षु ग्रहण कर सकती है । २. प्रकाशक विषयक - सूर्यादि तेजस्वी पदार्थों में उपर्युक्त १ लाख योजन साधिक का नियम नहीं है । जैसे - अर्ध पुष्करवर द्वीप में मानुषोत्तर पर्वत के समीप रहे मनुष्यों को सूर्योदय के समय साधिक २१ लाख योजन दूर से सूर्य दिखता है । उपर्युक्त दोनों प्रकार के परिमाण के विषय में *श्रीमलयगिरिजी* लिखते हैं कि –

“चक्षुरिन्द्रियमपि... उत्कर्षतस्तु सातिरेकयोजनशतसहस्रव्यवस्थितं... पुष्करवरार्द्धे मानुषोत्तर-पर्वत-समीपे मनुष्याः कर्कसङ्क्रान्तौ प्रमाणाङ्गुल-निष्पन्नैः सातिरेकैरेकविंशतियोजनलक्षैर्व्यवस्थित-मादित्यमवलोकमानाः प्रतिपाद्यन्ते... इदं विषयपरिमाणं प्रकाश्यविषयं द्रष्टव्यं... प्रकाशकेऽधिकतरमपि... ।।” (*आवश्यकनिर्युक्ति* – गाथा - ५ की टीका)

*तत्त्वार्थ* के टीकाकार *श्रीसिद्धसेन गणि* प्रकाशकविषयक परिमाण को नहीं स्वीकारते हैं तथा खंडन करते हुए लिखते हैं कि चक्षु साधिक एक लाख योजन दूर स्थित वस्तु को ही ग्रहण कर सकती है ऐसा सिद्धान्त है । इस सिद्धान्त से पुष्करार्ध में रहे पुरुष द्वारा साधिक २१ लाख योजन दूर से सूर्य को देखे जाने वाले मत का खंडन किया गया जानना -

“आत्माङ्गुलप्रमितसातिरेकयोजनलक्षावस्थितं चक्षुः प्रकाशनीयरूपं गृह्णाति प्रकर्षत इति सिद्धान्तः । एतेन पुष्करार्धवर्तिपुरुषसातिरेकैकविंशति-लक्षप्रमितप्रदेशोत्कृष्टदिवसोदयकालवर्ति-सूर्यदर्शनचोद्यमवसातव्यम् ।।”

*श्रीमलयगिरिजी* को उपर्युक्त टीका लिखते हुए यह खंडन शायद ख्याल में होगा । इसलिए उन्होंने अपनी टीका में आगे प्रश्न उठाया है कि यह प्रकाशकविषयक परिमाण अधिक भी होता है, यह कैसे जाना जाए ? समाधान में लिखते हैं - पूर्वाचार्यों द्वारा किए गए व्याख्यान से यह जाना जा सकता है

क्योंकि (कालिक श्रुत) पूर्वगतसूत्रार्थ के संग्रह रूप होने के कारण अर्वाचीन आचार्यों द्वारा यथावस्थित जानना शक्य नहीं है। इसलिए यह बात पूर्वसूरि द्वारा किए व्याख्यान से समझनी चाहिए। तथा *श्रीमलयगिरिजी* स्वयं के समर्थन में *विशेषावश्यकभाष्य* - गाथा ३४५-६-७ का पाठ देते हैं।

*आचारांगसूत्र* के टीकाकार *श्रीशीलांकाचार्यजी* का मत भी *श्रीमलयगिरिजी* के समान ही है। देखें सूत्र ६५ की वृत्ति। ✍ **मुनि श्रीगोयमचंद्रविजयजी** (डहेलावाला-समुदाय)

* * *

# *ધર્મકથાનુયોગ*

## 117. પ્રથમ શૈક્ષનિષ્કેટિકા

*પ્રવચનસારોદ્ધાર* ના ૧૦૭મા દ્વારમાં ૧૮ પુરુષો દીક્ષાને અયોગ્ય બતાવ્યા છે. તેમાં ૧૮ મા ક્રમાંકે શૈક્ષનિષ્ફેટિકાનો ઉલ્લેખ છે. તેની ટીકાનો પાઠ આ પ્રમાણે છે – शैक्षस्य- दीक्षितुमिष्टस्य निष्फेटिका- अपहरणं शैक्षनिष्फेटिका, तद्योगाद्यो मातापित्रादिभि-रमुत्कलितोऽपहृत्य दीक्षितुमिष्यते सोऽपि न दीक्षोचितः, मातापित्रादीनां कर्मबन्धसम्भवात्, अदत्तादानादिदोषप्रसङ्गाच्च ॥

હવે પ્રભુ વીરના શાસનમાં પ્રથમ શૈક્ષનિષ્ફેટિકા કોની થઈ? આનો ઉત્તર હમણાં *આવશ્યકનિર્યુક્તિ* નો અભ્યાસ કરતાં મળ્યો. *આવશ્યકનિર્યુક્તિ* ના ૭૭૬મા શ્લોકની વૃત્તિ અંતર્ગત આ પ્રમાણે પાઠ છે – आयरिआ भणंति - अम्ह दिक्खा-अब्भुवगमेण अज्झाइज्जइ, भणइ - पव्वयामि, सोवि परिवाडिए अज्झाइज्जइ, एवं होउ, परिवाडिए अज्झामि, किं तु मम एत्थ न जाइ पव्वइउं, अण्णत्थ वच्चामो, एस राया ममाणुरत्तो अण्णो य लोगो पच्छा ममं बलावि नेज्जा, तम्हा अण्णहिं वच्चामो, ताहे तं गहाय अण्णत्थ गता। एस पढमा सेहनिप्फेडिआ।

આ રીતે પ્રભુ વીરના શાસનમાં પ્રથમ શૈક્ષનિષ્ફેટિકા (-અપહૃતદીક્ષા) આર્યરક્ષિતજીની થઈ. ✍ **મુનિ શ્રીતીર્થતિલકવિજયજી** (શ્રીકલાપૂર્ણસૂરિજી-સમુદાય)

* * *

## 118. અષાઢાભૂતિ મુનિ મોક્ષમાં કે દેવલોકમાં?

*પિંડવિશુદ્ધિ* - માયાપિંડદ્વાર, *ઉદયરત્ન* મુનિની "નાટક કરતા કેવલજ્ઞાન" સજ્ઝાય વગેરે સ્થળે અષાઢાભૂતિ મુનિને નાટક કરતાં કરતાં કેવલજ્ઞાનની પ્રાપ્તિ થાય છે એમ જણાવાયું છે. જ્યારે *જિનવિજયજી* ની અષાઢાભૂતિ મુનિની "ગુરુ આદેશે ગોચરી, અષાઢાભૂતિ અણગાર" સજ્ઝાયમાં એમ વાત આવે છે કે તે દેવલોકમાં દેવ થાય છે - "પુનરપિ સંયમ આદર્યું રે, સુરલોકેં સુર થાય". આ વાત મતાંતર જ સમજાય છે. ✍ **મુનિ શ્રીસૌમ્યપ્રભવિજયજી** (શ્રીકેસરસૂરિજી-સમુદાય)

* * *

## 119. ગૃહસ્થ-અવસ્થામાં કેવળજ્ઞાન

ભરત ચક્રવર્તી, મરૂદેવા માતા, કૂર્માપુત્ર વગેરેની જેમ કામચૂડ શ્રાવકને પણ ગૃહસ્થાવસ્થામાં કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. એણે નિર્દંભપણે ભાવથી શ્રાવકવ્રત પાળ્યું, નિરતિચાર સમ્યક્ત્વ પાળ્યું, ઉગ્ર ક્રિયાઓ કરી એના પ્રભાવે એને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું હતું.

कुर्वतोऽस्य क्रियामुग्रां गृहस्थस्याऽपि केवलम् ।
उत्पन्नं चाऽगतः शक्रः केवलोत्सवहेतवे ।। (-*धर्मकल्पद्रुम* – १.३३८)

✍ **મુનિ શ્રીરાજદર્શનવિજયજી** (ડહેલાવાળા-સમુદાય)

* * *

# *સંશોધન*

## 120. *આવશ્યકચૂર્ણિ* ના કર્તા *જિનદાસગણિ મહત્તર* નથી

*આવશ્યકચૂર્ણિ* ના કર્તા કોણ છે એ બાબતે બે મત પ્રવર્તે છે. પહેલો મત *આવશ્યકચૂર્ણિ* ના કર્તા તરીકે *જિનદાસગણિ મહત્તર* ને સ્વીકારે છે. તેનો મુખ્ય આધાર *ધર્મસાગર ઉપાધ્યાય* કૃત *તપાગચ્છીયપટ્ટાવલી* છે. પૂજ્ય *સાગરજી મહારાજે* પણ તેનું જ અનુકરણ કર્યું છે.

બીજા મત પ્રમાણે *આવશ્યકચૂર્ણિ* ના કર્તા *જિનદાસગણિ મહત્તર* નથી. આ મત આગમપ્રભાકર *મુનિ શ્રીપુણ્યવિજયજી* નો છે. તેઓ પોતાના મતના સમર્થનમાં *નંદીસૂત્ર-ચૂર્ણિ* ની પ્રસ્તાવનામાં બે તર્ક આપે છે –

1. *ચૂર્ણિ* ની કોઈપણ પ્રતમાં તેના કર્તા *જિનદાસગણિ મહત્તર* છે તેવો ઉલ્લેખ નથી.

2. જો *ચૂર્ણિ* ના કર્તા *જિનદાસગણિ મહત્તર* હોત તો તેમણે પોતાની *ચૂર્ણિ* માં *જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ* ના નામનો અથવા *વિશેષાવશ્યકભાષ્ય* ની ગાથાઓનો ઉલ્લેખ જરૂર કર્યો હોત.

*મુનિ શ્રીપુણ્યવિજયજી* ના મતને સમર્થન આપતાં કેટલાંક પ્રમાણો મળ્યાં છે તે નોંધુ છું. એક વાત સ્પષ્ટ છે કે *નન્દીસૂત્રચૂર્ણિ*, *અનુયોગદ્વારચૂર્ણિ*, *નિશીથસૂત્રચૂર્ણિ* - આ ત્રણ *ચૂર્ણિ* ના કર્તા *જિનદાસગણિ મહત્તર* છે. હવે જો આ ત્રણ *ચૂર્ણિ* ની પ્રરૂપણાઓથી વિરૂદ્ધ પ્રરૂપણા *આવશ્યકચૂર્ણિ* માં પ્રાપ્ત થાય તો *આવશ્યકચૂર્ણિ* ના કર્તા જિનદાસગણિ *મહત્તર* નથી જ તે વાત પણ સહેજે સમજાઈ જાય તેમ છે.

**श्रुतसंविभाग-६** માં '*વિશેષાવશ્યકભાષ્ય* અને *આવશ્યકચૂર્ણિ* માં પ્રરૂપણાભેદ' આ લેખમાં *ભાષ્ય* અને *ચૂર્ણિ* માં જે પ્રરૂપણાભેદ બતાવ્યા હતા, તે પ્રરૂપણાઓ બાબતે *આવશ્યકચૂર્ણિ* અને *નન્દીસૂત્રચૂર્ણિ* માં પણ ભેદ છે. તે જોઈએ –

1) बुद्धीदिट्ठे अत्थे... આ ગાથાના અર્થ સંબંધી *આવશ્યકચૂર્ણિ* નો મત *વિશેષાવશ્યકભાષ્ય* થી ભિન્ન છે. જ્યારે *નન્દીસૂત્ર* – સૂત્ર – ૪૩ ની *ચૂર્ણિ* માં આ ગાથાનો અર્થ આ પ્રમાણે કરાયો છે - एतीए गाहाए अत्थो मति-सुतविसेसो य जहा विसेसावस्सगे तहा भाणितव्वो ।।

2) *આવશ્યકચૂર્ણિ* માં મતિ-શ્રુત નો વલ્ક-શુંબના દૃષ્ટાન્તથી ભેદ બતાવ્યો છે. તેનું ખંડન *વિશેષાવશ્યકભાષ્ય* ની ૧૫૮-૯ ગાથામાં થયું છે. તે જ પ્રકારે *નન્દીસૂત્રચૂર્ણિકાર* પણ ઉપરોક્ત વાતનું ખંડન કરે છે. જુઓ -

अण्णे वागसमं मतिणाणं सुंबसमं च सुतणाणं भणंति, तं च ण घडति, जम्हा वाग-सुंबदिट्ठंतेणं मइनाणस्सेव परिणामो दंसिज्जति, तम्हा तं ण जुज्जते ।।

3) *આવશ્યકચૂર્ણિ* માં મતિ અને અનક્ષરશ્રુત ને સાક્ષર-અનક્ષર બંને ગણાવાયા છે. *નન્દીસૂત્રચૂર્ણિ* માં મતિને અનક્ષર અને શ્રુતને માત્ર સાક્ષર તરીકે ગણ્યા છે. તેનો પાઠ –

अहवऽण्णो मतिसुदभेदो - अक्खराणुगतं सुतं, अणक्खरं मतिनाणं ति ।।

આ રીતે *નન્દીસૂત્રચૂર્ણિ* ના કર્તા *જિનદાસગણિ મહત્તર* છે અને તેનાથી ભિન્ન પ્રરૂપણાઓ *આવશ્યકચૂર્ણિ* માં હોવાથી તેના કર્તા *જિનદાસગણિ મહત્તર* નથી.

**મુનિ શ્રીનયજ્ઞવિજયજી** (ડહેલાવાળા-સમુદાય)

* * *

## *121. पञ्चतन्त्रे* जैनानामुपहासः

*उत्तराध्ययनटीका-परिशिष्टपर्व*-प्रभृतिषु “चाणक्यो जैनश्राद्ध आसीत्, तेन चाऽन्तिमकाल आर्हतीं प्रव्रज्यां प्रपद्येङ्गितमरणेन देहत्यागोऽपि विहितः” इत्यादिकमुक्तमस्तीति वयं विद्म एव । *पञ्चतन्त्रं* च *चाणक्य*विरचितमिति बहवो विद्वांसोऽभिप्रयन्ति, *विष्णुगुप्त*वद् *विष्णुशर्मा*ऽपि तन्नामान्तरमेवे-त्युक्त्वा । परं *पञ्चतन्त्रे* जैनानां द्वित्रस्थलेषु उपहासः कृतो विलोक्यते ।

*पञ्चतन्त्र*स्थे काकोलूकीयाख्ये तृतीये तन्त्रेऽयं श्लोकोऽस्ति –

"नराणां नापितो धूर्त्तः पक्षिणां चैव वायसः ।

दंष्ट्रिणां च शृगालस्तु श्वेतभिक्षुस्तपस्विनाम् ॥"

श्वेतभिक्षुः नाम श्वेताम्बरो जैनमुनिः । स च धूर्त्तः स्यादित्यत्र स्फुटमुक्तमस्ति ।

एवं तत्रैव तृतीये तन्त्रे शश-कपिञ्जलकथायामप्यहिंसाधर्म उपहसितः । कश्चिदारण्यकमार्जारः कृतधार्मिकाडम्बरोऽहिंसाप्रधानां देशनां करोति । तत्समीपे च न्यायार्थं गतस्य 'शशकः पक्षी' इत्याख्यस्य कूटेन स हत्यां कृतवानिति तत्र दर्शितमस्ति ।

अपरीक्षितकारके पञ्चमे तन्त्रे पद्मनिधि-क्षपणक-कथायामपि क्षपणक-नाम्ना दिगम्बरजैनमुनय उपहास्यतां नीताः सन्ति ।

प्रश्नोऽयमस्ति यदार्हतः *चाणक्यः* स्वरचिते एव ग्रन्थे जैनान् कथमुप-हसते ? अथवेयं कृतिरन्यस्य कस्याऽपि *विष्णुशर्म*नामधारिणोऽस्ति ? उत इदं सर्वं प्रक्षिप्तमस्ति ? इत्यत्र विद्वांसः किमभिप्रयन्तीति ज्ञातुं वयमिच्छामः ।

चौखम्बा-वाराणसी-प्रकाशिते *गुरूप्रसादशास्त्रि*-कृत-संस्कृत-टीकया *सीतारामशास्त्रि*-कृत-हिन्दी-टीकया च युते *बालशास्त्रि*-सम्पादिते *पञ्चतन्त्रे* पञ्चमे तन्त्रे इत्थमुक्तं दृश्यते - "अथ वानरयूथाधिपो यः स औशनस-बार्हस्पत्य-चाणक्यमतवित् तदनुज्ञाता च तत्सर्वानध्यापयति स्म" इति । अत्र *चाणक्य*-शब्दः चिन्त्यः । *पञ्चतन्त्र*रचयिता *विष्णुशर्मै*व स्वयं *चाणक्यः* स्यात् चेत् स्वनाम स्वरचिते एव ग्रन्थे नैव लिखेत । अतोऽयं *विष्णुशर्मा चाणक्यो* नाऽस्तीति तु स्फुटमेव ।

किञ्च, *चाणक्यस्य* समय ई.स. पूर्वं ३४५ तः ३०० यावदस्ति विदुषां मतेन । ७८तमे क्रिस्ताब्दे *गुणाढ्य*कृत-*बृहत्कथायां पञ्चतन्त्र*पाठाः प्राप्यन्ते ।

अत एवं निश्चेतुं शक्यं यत् चाणक्यसमयानन्तरं *गुणाढ्य*समयाच्च पूर्वमस्य रचना जातेति ।

*विष्णुशर्मा* आर्हतो न स्यात्, तेन क्वचिद् जैनानामुपहासो मनाक् कृतः स्यादिति सम्भाव्यते । अन्यच्च, धूर्तशब्दस्य अर्थः चतुररूपेण गृह्येत चेत् श्वेताम्बरसाधवः चतुरा आसन्नित्यपि ग्रहीतुं शक्यम् ।

सिंहः *पाणिनिं*, हस्ती *जैमिनिं*, *पिङ्गलं* च मकरः जघान (द्वितीये तन्त्रे, वायस-मूषकसंवादे) इत्यपि तत्रोक्तमस्ति । अनेन ज्ञायते यद् *जैमिनि-पाणिनि-पिङ्गला*नन्तरमेवाऽस्य रचना जातेति ।

पञ्चमे तन्त्रे वैरनिर्यातनार्थं वानरो नृपतिं कथयति "तत्र अर्धोदिते रविवारे यः कश्चित् निमज्जति" इति । अनेन ज्ञायते यद् ग्रन्थरचनासमये सप्तवारप्रचलनं जातमासीत् । *कल्याणविजय*सदृशा ऐतिहासिकविद्वांस एवं मन्यन्ते यत् प्राचीने भारते वारप्रचलनं नाऽसीत् । पाश्चात्यकाले तत्प्रचलनं जातमिति । एतेनाऽप्यस्य कालनिर्णयः कर्तुं शक्यः । ✍ **मुनिः मुक्तिश्रमणविजयः** (श्रीकलापूर्णसूरि-समुदायसत्कः)

## *इदमत्र चिन्त्यम्...*

### 122. 'કૃતકરણ' અંગે

*પં. શ્રીધીરજભાઈ મહેતા* લિખિત *સપ્તતિકાકર્મગ્રંથ* ના વિવેચનમાં ઉપશમ-શ્રેણિના વર્ણનમાં દર્શનત્રિકની ક્ષપણાના વિષયમાં પૃષ્ઠ ૨૪૩ ઉપર છેલ્લી ચાર પંક્તિમાં આ પ્રમાણે નિરૂપણ છે - "આ દ્વિચરમ સ્થિતિખંડ પછી ચરમ સ્થિતિખંડનો ઘાત શરૂ કરે છે. તે દ્વિચરમ સ્થિતિખંડ કરતાં અસંખ્યાતગુણ મોટો જાણવો. જ્યારે આ ચરમ સ્થિતિખંડ ઘાત્યમાન હોય છે ત્યારે આ જીવ 'કૃતકરણ' કહેવાય છે."

(1) અહીં દ્વિચરમ સ્થિતિખંડ કરતાં ચરમ સ્થિતિખંડ અસંખ્યાતગુણ મોટો કહ્યો છે. પરંતુ *સપ્તતિકા* ના અન્ય વિવેચનોમાં, ધીરજભાઇ લિખિત *કમ્મપયડી* ના ત્રીજા ભાગમાં પૃષ્ઠ ૧૮૯ ઉપર અને *કમ્મપયડી* ની *મલયગિરીયા* ટીકામાં દ્વિચરમ સ્થિતિખંડ કરતાં ચરમ સ્થિતિખંડ સંખ્યાતગુણ મોટો કહ્યો છે - एवमान्तर्मौहूर्तिकान्येतानि खण्डान्युत्किरति निक्षिपति च तावद् यावद् द्विचरमस्थितिखण्डम् । द्विचरमात्तु खण्डाच्चरमखण्डं संख्येयगुणम् ।। (-ઉપશમનાકરણ - ગાથા – ૩૨)

આમ, સર્વત્ર દ્વિચરમ સ્થિતિખંડ કરતાં ચરમ સ્થિતિખંડ સંખ્યાતગુણ મોટો જ કહ્યો છે તો પ્રસ્તુત વિવેચનમાં અસંખ્યાતગુણ કહેવાનું શું કારણ ?

(2) અહીં જ્યારે ચરમ સ્થિતિખંડ ઘાત્યમાન હોય છે ત્યારે જીવ 'કૃતકરણ' કહેવાય છે એમ કહ્યું છે. પરંતુ અન્ય વિવેચનોમાં તથા *કમ્મપયડી* ની *મલયગિરીયા* ટીકામાં ચરમ સ્થિતિખંડનો ઘાત થયા પછી જીવ 'કૃતકરણ' કહેવાય એમ કહ્યું છે -

तथा चाह – 'कयकरणद्धाए पच्छिमे होइ त्ति' पश्चिमे चरमखण्डे उत्कीर्णे कृतकरणाद्धायां वर्तते, कृतकरणो भवतीत्यर्थः ।

આમ, અત્રે ચરમ સ્થિતિખંડનો ઘાત થયા પછી જીવને 'કૃતકરણ' કહ્યો છે. તો પ્રસ્તુત વિવેચનમાં ચરમ સ્થિતિખંડ ઘાત્યમાન હોય ત્યારે જીવ 'કૃતકરણ' કહેવાય એમ કહેવાનું શું પ્રયોજન? ✍ **મુનિ શ્રીશ્રુતાંગચંદ્રવિજયજી** (શ્રીનેમિસૂરિજી-સમુદાય)

* * *

## 123. 'દૌર્ભાગ્યત્રિક' માં અપયશનો અસમાવેશ

*પં. શ્રીધીરજભાઈ મહેતા* લિખિત 'કર્મસ્તવ' ના વિવેચનમાં પૃષ્ઠ ૭૮ ઉપર ૨૦ મી લીટીમાં 'દૌર્ભાગ્યત્રિક' માં દુર્ભગ, અનાદેય અને અપયશ એમ ત્રણ પ્રકૃતિ

લેવાની જણાવી છે. પરંતુ તેના સ્થાને દુર્ભગ, દુઃસ્વર અને અનાદેય એમ ત્રણ પ્રકૃતિ લેવી યોગ્ય જણાય છે. કેમ કે,

(1) દુર્ભગત્રિકથી **थावरसुहुमअपज्जं...** (કર્મવિપાક – ૨૭) માં કહેલી દુર્ભગથી માંડીને ત્રણ પ્રકૃતિ લેવાની છે. અને ક્રમપૂર્વક આ ત્રણ જ પ્રકૃતિઓ આવે છે.

(2) અપયશ નામકર્મનો બંધવિચ્છેદ તો છટ્ઠા ગુણઠાણે જ થાય છે. तेवट्ठि पमत्ते सोग, अरइ अथिरदुग अजस अस्सायं । (કર્મસ્તવ – ૭) તેથી અપયશ નામકર્મનું ગ્રહણ અહીં કરવાનું જ નથી. ✐ **મુનિ શ્રીશ્રુતાંગચંદ્રવિજયજી** (શ્રીનેમિસૂરિજી-સમુદાય)

* * *

## 124. *ગુણસ્થાનક્રમારોહ* ની સ્વોપજ્ઞવૃત્તિમાં ઉદ્ધૃત એક શ્લોક અંગે

*ગુણસ્થાનક્રમારોહ* ની સ્વોપજ્ઞ વૃત્તિમાં એક શ્લોક ઉદ્ધૃત છે –

पण तिरिसन्निपणिंदिएसु चउरो पज्जत्तथूलवाऊसु ।
छ त्तेसंऽतमुहुत्ता अडसामाइयओ य केवलिओ ।।

થોડા વખત પૂર્વે પ્રકાશિત આ ગ્રંથના વિવેચનવાળા પુસ્તકમાં આ શ્લોકનો અનુવાદ આ પ્રમાણે કરવામાં આવ્યો છે – "પંચેન્દ્રિય તિર્યંચ સંજ્ઞી પંચેન્દ્રિય અને પર્યાપ્ત બાદર વાઉકાય આ બે જીવોને ૧ થી ૪ સમુદ્ઘાત હોય..."

પણ આ શ્લોકનો અર્થ આવો હોવો જોઈએ – "તિર્યંચ સંજ્ઞી પંચેન્દ્રિયને પાંચ સમુદ્ઘાત અને પર્યાપ્ત બાદર વાઉકાયને ચાર સમુદ્ઘાત હોય છે..." ✐ **મુનિ શ્રીશ્રુતાંગચંદ્રવિજયજી** (શ્રીનેમિસૂરિજી-સમુદાય)

* * *

# 125. *સિરિકુમ્માપુત્તચરિઅં* ની એક ગાથાનો અનુવાદ

*સાધ્વીજી ચંદનબાલાશ્રીજી* સંપાદિત *સિરિકુમ્માપુત્તચરિઅં* ગ્રંથ હમણાં વાંચ્યો. તેમાં પ્રાકૃત મૂળગાથાઓ અને તેની સંસ્કૃત છાયા તેમ જ ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી અનુવાદ આદિ આપેલ છે. ગુજરાતી અને હિન્દી અનુવાદકાર *પં. અમૃતભાઈ પટેલ* છે. તેઓએ આ ગ્રંથની ૪૨ મી ગાથા –

चत्तारि पंच जोयणसयाइं गंधो अ मणुयलोगस्स ।
उड्ढं वच्चइ जेणं न हु देवा तेण आयंति ।।४२।।

નો અનુવાદ આ પ્રમાણે કર્યો છે – "મનુષ્યલોકની દુર્ગંધ ૯૦૦ યોજન ઊંચે જાય છે, જેથી દેવો અહીં આવતાં નથી. (*બૃહત્સંગ્રહણી* ગા. ૧૯૦)"

અહીં તેઓએ चत्तारि पंच जोयणसयाइं પદનો અર્થ ૯૦૦ યોજન કર્યો છે જે બરાબર જણાતો નથી. કારણ કે આ ગાથા મૂળ *બૃહત્સંગ્રહણી* ગ્રંથમાં ૧૯૨ અથવા ૧૯૪ મા ક્રમાંકે છે, (૧૯૦ માં ક્રમાંકે નહીં). તેનું વિવેચન ત્યાં આ પ્રમાણે છે –

"અવસર્પિણીકાળના ૧ થી ૩ આરામાં યુગલિક મનુષ્યો કલ્પવૃક્ષ પાસેથી પ્રાપ્ત થયેલો આહાર કરતાં હોવાથી એ સમયે મનુષ્યલોકની દુર્ગંધ ઉપર ૪૦૦ યોજન સુધી જાય છે. અને ૪ થી ૬ આરામાં મનુષ્યોને ધાન્યાદિકનો આહાર હોવાથી મનુષ્યલોકની દુર્ગંધ ઊંચે ૫૦૦ યોજન સુધી જાય છે. અથવા શ્રીઅજિતનાથપ્રભુના શાસનકાળમાં મનુષ્યાદિનાં મૃતકલેવર, મલ, મૂત્ર વગેરે ઘણા પ્રમાણમાં હોવાથી મનુષ્યલોકની દુર્ગંધ ઊંચે ૫૦૦ યોજન સુધી અને બાકીના સમયમાં ૪૦૦ યોજન સુધી જાય છે માટે દેવો અહીં આવતાં નથી."

આ રીતે *બૃહત્સંગ્રહણી* માં તથા *લોકપ્રકાશ* માં પણ ૪૦૦ અને ૫૦૦ યોજનની જ વાત છે. છતાંય *પં. અમૃતભાઈ* એ चत्तारि અને पंच जोयणसयाइं પદનો સરવાળો કરીને જે ૯૦૦ યોજન અર્થ કર્યો છે તે વિચારણીય છે.

પરંતુ વિચારણીય વાત એ પણ છે કે *લોકપ્રકાશ* માં “દેવો મનુષ્યલોકમાં આવતા નથી” એ પ્રસંગમાં *ઉપદેશમાલાકર્ણિકા* નો એક શ્લોક उक्तं च કહીને ઉદ્ધૃત થયો છે –

ऊर्ध्वगत्या शतान्यष्टौ, सहस्रमपि कर्हिचित् ।
मर्त्यानां याति दुर्गन्धस्तेनेहाऽऽयान्ति नाऽमराः ।। (ક્ષેત્રલોક ૨૬.૪૭૬)

આનો અર્થ એવો થાય કે ‘મૃત્યુલોકની દુર્ગંધ ઊંચે ૮૦૦ યોજન કે ક્યારેક ૧૦૦૦ યોજન સુધી પણ જાય છે. તેથી દેવો અહીં આવતા નથી’. તો આ અર્થની સંગતિ પણ કઈ રીતે કરવી? વળી, ગંધના પુદ્ગલો ૯ યોજન સુધી ઊંચે જાય છે, ત્યાર પછી તે જ પુદ્ગલો આગળ આગળના પુદ્ગલોને વાસિત કરતાં કરતાં ૪૦૦ કે ૫૦૦ યોજન સુધી ઉપર જાય છે, એથી આગળ નહીં, એવી પણ પ્રરૂપણા જોવા મળે છે. તો તે વાત પણ કઈ રીતે ઘટાવવી? આ બાબતમાં મિત્રમુનિવરો પ્રકાશ પાથરે.

**મુનિ શ્રીશીલચંદ્રવિજયજી** (ડહેલાવાળા-સમુદાય)

* * *

## 126. ભાવદિશા

*શ્રીધર્મરત્નજી*-રચિત સામાન્ય જિન સ્તવન ‘વિનતડી મનમોહન મારી સાંભળો...’ ની ત્રીજી કડી – ‘દોષ અઢારે પાપ અઢારે તેં તજ્યાં, ભાવદશા પણ દૂરે કીધી અઢાર જો’, તેમાં પરમાત્માએ અઢાર પ્રકારની ભાવદશા દૂર કરી છે એમ કહ્યું છે તે ભાવદશા કઈ સમજવી?

વાસ્તવમાં ‘ભાવદશા’ કરતાં ‘ભાવદિશા’ શબ્દ અહીં વધુ અર્થસંગત જણાય છે. ભાવદિશાનું વર્ણન *શ્રીઆચારાંગસૂત્ર* ની નિર્યુક્તિ ગાથા – ૬૦ ની *શ્રીશીલાંકાચાર્ય*

રચિત વૃત્તિમાં જોવા મળે છે. ત્યાં અઢાર પ્રકારે જે જીવોના ભેદ છે તેને અઢાર પ્રકારની ભાવદિશા કહી છે –

मणुया तिरिया काया, तहऽग्गबीया चउक्कगा चउरो ।
देवा नेरइया वा, अट्ठारस होंति भावदिसा ।।

(મનુષ્યના ૪ ભેદ – ૧. સમ્મૂર્ચ્છનજ, ૨. કર્મભૂમિના ગર્ભજ, ૩. અકર્મભૂમિના ગર્ભજ, ૪. અંતર્દ્વીપના ગર્ભજ. તિર્યંચોના ૪ ભેદ – ૧. બેઇન્દ્રિય, ૨. તેઇન્દ્રિય, ૩. ચતુરિન્દ્રિય, ૪. પંચેન્દ્રિય. પૃથ્વીકાયાદિ ૪. વનસ્પતિકાયના ૪ ભેદ - ૧. અગ્રબીજ, ૨. મૂલબીજ, ૩. સ્કન્ધબીજ, ૪. પર્વબીજ. દેવનો અને નારકનો ૧-૧ ભેદ.)

*શ્રીકુંદકુંદસૂરિજી* મ. દ્વારા સંપાદિત પુસ્તક 'ભક્તિભાવના' માં આ સ્તવનમાં 'ભાવદિશા' શબ્દનો જ ઉલ્લેખ છે, તે જ બરાબર જણાય છે.

**મુનિ શ્રીકુમુદચંદ્રવિજયજી** (ડહેલાવાળા-સમુદાય)

* * *

## *પ્રકીર્ણ*

# 127. ઇન્દ્રોનાં વિમાનોનાં નામ

પ્રભુના અભિષેકમાં સૌધર્મેન્દ્ર પાલક વિમાનમાં આવે તે વાત પ્રસિદ્ધ છે. પણ બાકીના વૈમાનિક નિકાયના ઇન્દ્રો પણ અલગ અલગ નામના વિમાનમાં આવે છે - ઈશાન → પુણ્યક, સનત્કુમાર → સુમન, મહેન્દ્ર → શ્રીવત્સ, બ્રહ્મ → નંદ્યાવર્ત, લાન્તક → કામગવ, શુક્ર → પ્રીતિગમ, સહસ્રાર → મનોરમ, આનત-પ્રાણત → વિમલ, આરણ-અચ્યુત → સર્વતોભદ્ર. (*ત્રિષષ્ટિ* - ૧.૨.૪૩૨-૪૪૨)

**મુનિ શ્રીદેવર્ષિરત્નવિજયજી** (ડહેલાવાળા-સમુદાય)

* * *

## 128. પ્રાણ, ભૂત, જીવ અને સત્ત્વની વ્યાખ્યા

सव्वेसिं पाणाणं, सव्वेसिं भूयाणं, सव्वेसिं जीवाणं, सव्वेसिं सत्ताणं આમાં પ્રાણ, ભૂત, જીવ અને સત્ત્વની વ્યાખ્યા અલગ-અલગ કરવામાં આવે છે –

प्राणाः – इन्द्रियपञ्चकमनःप्रभृतित्रिविधबलोच्छ्वासनिःश्वास-आयुर्लक्षणा असवो विद्यन्ते येषां ते पञ्चेन्द्रियप्राणिनः । भूतानि – पृथ्वीजलज्वलनपवनवनस्पतयः कालत्रयव्यापिसत्तासमन्विताः । जीवाः – निरुपक्रमजीवितेन जीवन्तीति जीवा देवनारकोत्तमपुरुषासङ्ख्येयवर्षायुस्तिर्यङ्नरचरमशरीरिलक्षणा यथोपनिबद्धजीवनधर्माणः । सत्त्वाः – लोकोपकारमात्रहेतुसत्त्वोपेतत्वात् सत्त्वाः सोपक्रमायुषस्तिर्यङ्मनुष्या असंपूर्णप्राणभाजो द्वित्रिचतुरिन्द्रियाश्च ।

આ પ્રચલિત વ્યાખ્યા છે. આમાં મતાંતર –

प्राणा द्वित्रिचतुः प्रोक्ता भूतास्तु तरवः स्मृताः ।
जीवाः पञ्चेन्द्रिया ज्ञेयाः शेषाः सत्त्वा उदीरिताः ।।

પણ *ધર્મસંગ્રહ* માં સત્ત્વની પરિભાષામાં સિદ્ધના જીવોનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે – सत्त्वाः सांसारिकसंसारातीतभेदाः ।

**મુનિ શ્રીહેમનિલયવિજયજી** (શ્રીનીતિસૂરિજી-સમુદાય)

* * *

## *જિજ્ઞાસા*

**? 37** આકાશાસ્તિકાયનો ઘનગોલક આકાર કેવી રીતે ઘટાવવો?, કારણ કે આકાર તો જેને મર્યાદા - છેડો હોય તેનો જ હોઈ શકે. પુસ્તક મર્યાદિત ક્ષેત્રમાં હોવાથી તે પુસ્તકનો આકાર કહી શકાય છે. પણ આકાશાસ્તિકાય તો લોકાલોક-સર્વવ્યાપી છે, અનંત છે, તેને કોઈ મર્યાદા કે છેડો નથી. તો પછી તેનો ઘનગોલક કેવી રીતે ઘટાવવો?

? 38 *આચારાંગસૂત્ર* ની *શ્રીશીલાંકાચાર્ય* કૃત વૃત્તિ – ૧.૧.૧.૪ માં જણાવ્યું છે કે કોઈક જીવ ચાર પ્રકારની બુદ્ધિ વડે પોતાની ગતિ-આગતિને જાણે છે. તે ચાર જ્ઞાનમાં અવધિજ્ઞાન, મનઃપર્યાયજ્ઞાન, કેવલજ્ઞાન અને જાતિસ્મરણજ્ઞાનનો ઉલ્લેખ છે. તો હવે અહીં પ્રશ્ન એ થાય છે કે જીવ મનઃપર્યાયજ્ઞાન વડે પોતાના સંખ્યાત કે અસંખ્યાત ભવોની ગતિ-આગતિને કેવી રીતે જાણી શકે?

? 39 वयं त्रिविधमप्कायमाचक्ष्महे - सचित्तं मिश्रमचित्तं च । तत्राऽचित्तोऽप्कायस्तेनोपयोगविधिः साधूनां, नेतराभ्याम् । कथं पुनरसौ भवत्यचित्तः? किं स्वभावादेवाऽऽहोस्विच्छस्त्रसम्बन्धात्? उभयथाऽपीति । तत्र यः स्वभावादेवाऽचित्तीभवति न बाह्यशस्त्रसम्पर्कात् तमचित्तं जानाना अपि केवल-मनःपर्याया-ऽवधि-श्रुतज्ञानिनो न परिभुञ्जते, अनवस्थाप्रसङ्गभीरुतया ॥ (*આચારાંગસૂત્ર* ની *શ્રીશીલાંકાચાર્ય* કૃત વૃત્તિ – ૧.૧.૩.૨૫)

અર્થ – અમે ત્રણ પ્રકારના અપ્કાય કહીએ છીએ – સચિત્ત, મિશ્ર અને અચિત્ત. તેમાં જે અચિત્ત અપ્કાય છે તેના વડે સાધુઓને ઉપયોગવિધિ છે એ સિવાયના સચિત્ત અને મિશ્ર - એ બે વડે નહિ. વળી આ અપ્કાય કેવી રીતે અચિત્ત થાય છે - સ્વભાવથી કે શસ્ત્રસંબંધથી ? (જવાબ-) બન્ને રીતે અપ્કાય અચિત્ત થાય છે. તેમાં જે અપ્કાય સ્વભાવથી જ અચિત્ત થાય છે, બાહ્યશસ્ત્રના સંપર્કથી નહિ, તે અપ્કાયને અચિત્ત જાણવા છતાં પણ કેવલજ્ઞાની, મનઃપર્યાયજ્ઞાની, અવધિજ્ઞાની અને શ્રુતજ્ઞાનીઓ તેનો પરિભોગ કરતા નથી, કારણ કે ત્યાં અનવસ્થા થવાનો ડર રહે છે.

હવે પ્રશ્ન એ થાય કે મનઃપર્યાયજ્ઞાનનો વિષય અઢી દ્વીપમાં રહેલા સંજ્ઞી પંચેન્દ્રિય જીવોએ મનરૂપે પરિણમાવેલા મનોવર્ગણાના પુદ્ગલોને જાણવાનો છે. તો પછી મનઃપર્યાયજ્ઞાની આ પાણી સચિત્ત છે કે અચિત્ત છે તે કેવી રીતે જાણે? ✍ **મુનિ શ્રીસુવ્રતચંદ્રવિજયજી** (ડહેલાવાલા-સમુદાય)

**? 40** *તત્ત્વાર્થ, અનુયોગદ્વાર* વિગેરે ગ્રંથોમાં સાન્નિપાતિકના ૨૬ ભાંગામાંથી ચતુઃસંયોગી એક ભાંગો (ઔદયિક + ઔપશમિક + ક્ષાયોપશમિક + પારિણામિક) ચારે ગતિની અપેક્ષાએ ઘટાડ્યો છે. અર્થાત્ ઔપશમિક ભાવ ચારે ગતિમાં બતાવેલ છે. જુઓ –

तथौदयिकौपशमिकक्षायोपशमिकपारिणामिकाः क्वचिदकृतत्रिपुञ्जो-पशमसम्यक्त्वसद्भावाद् गतिभेदेनैव चत्वारो विकल्पाः ।। (*તત્ત્વાર્થ – સિદ્ધસેનીય* વૃત્તિ – ૨.૧)

જ્યારે બીજી બાજુ *તત્ત્વાર્થ* ની *સિદ્ધસેનીય* ટીકામાં જ આગળ (૨.૭) औपशमिकवर्जा नारकतिर्यग्योनीनाम् એમ કહીને નારક અને તિર્યંચગતિમાં ઔપશમિક સિવાયના ૪ ભાવો ઘટાડ્યા છે. એટલે અહીં બે ગતિમાં જ ઔપશમિક ભાવ બતાવેલ છે. તો આનો આશય શું હોઈ શકે? ✍ **મુનિ શ્રીસૌમ્યપ્રભવિજયજી** (શ્રીકેસરસૂરિજી-સમુદાય)

**? 41** *શ્રીઆચારાંગસૂત્ર* ની *શ્રીશીલાંકાચાર્ય* રચિત વૃત્તિમાં સૂત્ર – ૪૫ ની અવતરણિકામાં खंतपुत्तो व्व એમ કહીને ખંતપુત્રના કથાનકનો અતિનિર્દેશ કર્યો છે. તો આ કથાનક કયા ગ્રંથમાં વિસ્તારથી ઉપલબ્ધ છે? ✍ **મુનિ શ્રીકુમુદચંદ્રવિજયજી** (ડહેલાવાળા-સમુદાય)

**? 42** “गंधं रसं च फासं बद्धपुट्ठं वियागरे” (*आवश्यकनिर्युक्ति* - गाथा – ५) । श्रोत्रेन्द्रिय केवल स्पृष्ट विषय का ग्रहण करती है और चक्षु अस्पृष्ट का, तथा शेष ३ इन्द्रिय बद्धस्पृष्ट विषय का ग्रहण करती हैं । यहाँ स्पृष्ट का अर्थ ‘तनौ रेणुवत् आलिङ्गितमात्र’ शरीर पर धूल की तरह मात्र लगा हुआ है । बद्ध का अर्थ आत्मीकृत है ‘आश्लिष्टं तोयवदात्मप्रदेशैरात्मीकृतम्’ (*मलयगिरीया* टीका) । तीन इन्द्रिय के विषय बद्ध कैसे होते हैं? हम पुस्तक का स्पर्श करते हैं तो क्या पुस्तक के पुद्गल हमारे आत्मप्रदेशों द्वारा आत्मीकृत किए जाते हैं?

? 43 गंधादि के पुद्गल अन्य पुद्गलों को शब्द की तरह वासित नहीं करते तो मनुष्यलोक की गंध उपर ९०० से १००० योजन तक कैसे जाती हैं? घ्राणेन्द्रिय का विषय-परिमाण तो ९ योजन ही है तो देवों को ९००-१००० योजन तक कैसे गंध आती है?

? 44 अग्निकाय जीवों की योनि उष्ण ही होती है। ('संवृता योनिरुष्णा च' - *आचारांगनिर्युक्ति* - ११८ *श्रीशीलांकाचार्य* कृत टीका।) इनकी योनि के मूलभेद ३५० होते हैं और वर्णादि [५ वर्ण × २ गंध × ५ रस × ८ स्पर्श × ५ संस्थान = २०००] के २००० भेद से गुणाकार करने पर कुल ७ लाख योनि होती हैं। इस तरह ८ स्पर्श में तो शीत और उष्ण स्पर्श दोनों का समावेश होने से अग्नि की योनि उष्ण ही कैसे होती है?

? 45 बादर अग्नि मात्र २$\frac{१}{२}$ द्वीप में ही होती है। लेकिन *आचारांगनिर्युक्ति* - ११८ *श्रीशीलांकाचार्य* कृत टीका में बताया है कि "मनुष्यक्षेत्रेऽर्द्धतृतीयेषु द्वीपसमुद्रेष्वव्याघातेन पञ्चदशसु कर्मभूमिषु व्याघाते सति पञ्चसु विदेहेषु" अर्थात् बादर अग्नि पाँच विदेह में हमेशा होती है और अतिस्निग्ध या अतिरूक्ष काल का व्याघात न होने पर ऐरावत और भरत क्षेत्र में होती है। क्या लवणसमुद्र-कालोदधिसमुद्र में अग्नि होती है?

? 46 *तत्त्वार्थसूत्र* अनुसार विजयादि चार विमानों में उत्कृष्ट स्थिति ३२ सागरोपम ही होती है – "विजयादिषु चर्तुष्वपि... द्वात्रिंशत्" (सूत्र - ४/३८ स्वोपज्ञभाष्य)। इस मत से मतिज्ञान, सम्यग्दर्शनादि की उत्कृष्ट स्थिति साधिक ६६ सागरोपम कैसे घटेगी? "दो वारे विजयाईसु..." पाठ के आधार पर दो बार विजयादि में जाने पर ६४ सागरोपम ही होंगे। (अर्थात् अच्युत कल्प में तीन बार जन्म लेकर ही घटेगी, विजयादि में नहीं।) ✒ **मुनि श्रीगोयमचंद्र-विजयजी** (डहेलावाला-समुदाय)

# *સમાધાન*

**? 33** કલિકાલસર્વજ્ઞ શ્રીહેમચંદ્રાચાર્ય सकलार्हत्... સ્તોત્રમાં नामाकृति-द्रव्यभावैः पुनतस्त्रिजगज्जनम् એમ કહે છે. તો સર્વ ક્ષેત્ર અને સર્વ કાળમાં પ્રભુજીના ભાવનિક્ષેપાની ઉપયોગિતા કેવી રીતે સિદ્ધ થાય ?

@ *અનુયોગદ્વારસૂત્ર* આદિના આધારે ભાવનિક્ષેપ બે રીતે ઘટે છે - આગમથી અને નો-આગમથી. સદેહે વિચરતા તીર્થંકર ભગવંત નોઆગમથી ભાવ-નિક્ષેપે તીર્થંકર છે. જ્યારે તીર્થંકર ભગવંતને જાણનાર અને એમના ધ્યાનમાં ઉપયોગવાળો સાધક આગમથી ભાવનિક્ષેપે તીર્થંકર છે. આ રીતે સર્વક્ષેત્ર-સર્વકાળ માં ભાવ તીર્થંકર સંભવી શકે છે. અને તેમના સંયોગ-ઓરામાં આવેલા જીવોના ભાવો પવિત્ર થાય જ છે. ✒ **મુનિ શ્રીનયજ્ઞવિજયજી** (ડહેલાવાળા-સમુદાય)

**? 34** *ધ્યાનશતક* – ગાથા ૮૭ માં શુક્લધ્યાનીને ध्यानविरमेऽपि એમ કહીને અનુપ્રેક્ષા દર્શાવી છે. હવે શુક્લધ્યાન તો આખા ભવચક્રમાં એક જ વાર આવે છે. અને એ એકવાર થયા પછી તો નિયમા કેવલજ્ઞાન અપાવે જ. તો આ વાતની સંગતિ કેવી રીતે કરવી?

@ શુક્લધ્યાન નિયમા કેવલજ્ઞાન અપાવે તે વાત જરૂરી નથી. ઉપશમશ્રેણિની અપેક્ષાએ પ્રથમના બે પાયા બાદ શુક્લધ્યાન વિરામ પામે તેવું બની શકે. આ સંદર્ભે *યોગશાસ્ત્ર-અવચૂરિ, આવશ્યકચૂર્ણિ* વગેરે સ્થળે ઘણી સ્પષ્ટતા મળે છે. ✒ **મુનિ શ્રીસૌમ્યચંદ્રવિજયજી** (શ્રીનેમિસૂરિજી-સમુદાય)

@ "જીવને શુક્લધ્યાન એક જ વાર પ્રાપ્ત થાય અને તે પ્રાપ્ત થયા પછી નિયમા કેવલજ્ઞાન અપાવે જ" આ નિયમ શુક્લધ્યાનના ચાર ભેદ પૈકી છેલ્લા બે ભેદને આશ્રયીને જ સંભવે છે, પ્રથમના બે ભેદને આશ્રયીને નહીં. તથા જે ध्यानविरमेऽपि કહીને શુક્લધ્યાનની અનુપ્રેક્ષાઓ બતાવી છે તે પ્રથમ બે ભેદને આશ્રયીને જ છે અને આ વાત *ધ્યાનશતક* માં ગાથા - ૮૮ ની ટીકામાં સ્પષ્ટ છે – एताश्चतस्रोऽप्यपायाऽशुभा-ऽनन्तविपरिणामानुप्रेक्षा आद्यद्विभेदसंगता एव द्रष्टव्या इति ।। તથા તે ગ્રંથમાં જ ફલદ્વાર અંતર્ગત ગાથા - ૯૪ માં જણાવ્યું છે કે

શુક્લધ્યાનના પ્રથમ બે ભેદનું ફળ અનુત્તર દેવલોક છે અને ચરમભેદદ્વયનું ફળ મોક્ષ છે. આ જ વાત *આવશ્યકચૂર્ણિ, યોગશાસ્ત્ર, અધ્યાત્મસાર* આદિમાં પણ સ્પષ્ટ છે.

તથા ઉપશમશ્રેણી ઉત્કૃષ્ટથી જીવ ચાર વાર પ્રાપ્ત કરી શકે છે અને ક્ષપકશ્રેણી માંડતા એવા બદ્ધાયુ જીવો દેવાદિ ગતિમાં જઈને પરંપરાએ મોક્ષ પામે છે. આનાથી પણ એ ફલિત થાય છે કે જીવ શુક્લધ્યાન (પ્રથમભેદદ્વયને આશ્રયીને) એકથી વધુ વાર પ્રાપ્ત કરી શકે છે. કારણ કે શ્રેણીનો પ્રારંભ શુક્લધ્યાનના પ્રથમ ભેદથી થાય છે એ પ્રમાણે *ગુણસ્થાનક્રમારોહ* ની ગાથા - ૪૦ અને ૫૧ માં જણાવ્યું છે. એટલે શુક્લધ્યાનના પ્રથમ બે ભેદ અને ચરમ બે ભેદની વ્યવસ્થા (ફલ વગેરેનાં સંબંધમાં) ભિન્ન હોવાથી વિસંગતિનો કોઈ અવકાશ રહેતો નથી. ✍ **મુનિ શ્રીશીલચંદ્રવિજયજી** (ડહેલાવાળા-સમુદાય)

**? 7** દેવલોકમાં જે સમ્યક્ત્વી દેવ-દેવી હોય તેઓ ત્યાં રહેલ શાશ્વત જિનબિંબોની પૂજા-અર્ચનાદિ કૃત્ય કરે. પણ અન્યધર્મી જે દેવ-દેવી હોય તેઓ કોની પૂજા કરે?

**@** આ સંદર્ભે *સેનપ્રશ્ન* – ઉલ્લાસ - ૨, પ્રશ્ન ૯૯ અવલોકનીય છે – देवलोके मिथ्यात्विदेवदेवीनां क आचार इति । प्रश्नेऽत्रोत्तरं – यथा सम्यग्दृशां सिद्धायतनेषु जिनार्च्चार्च्चनादि-प्रवृत्तिरूप आचारः तथा मिथ्यादृशां तत्रैव वर्तमाननागादिप्रतिमापूजनादिरूपः सम्भाव्यत इति ।। ✍ **મુનિ શ્રીસૌમ્યચંદ્રવિજયજી** (શ્રીનેમિસૂરિજી-સમુદાય)

**? 35** सव्वप्पमायरहिया मुणओ खीणोवसंतमोहा य ।

आयारो नाणधणा धम्मज्झाणस्स निद्दिट्ठा ।। (*ધ્યાનશતક* – ગાથા ૬૩)

अप्रमत्तादारभ्य क्षीणमोहगुणस्थानवर्तिनो महात्मानो धर्मध्यानाधिकारिणो भवन्ति ।। (તત્ત્વાર્થસૂત્ર – *સિદ્ધસેન* અને *હરિભદ્રસૂરિજી* રચિત વૃત્તિ – અધ્યાય ૯)

આ શાસ્ત્રપાઠોમાં દર્શાવ્યા મુજબ જો ક્ષીણમોહ ગુણસ્થાનક સુધી ધર્મધ્યાન જ રહેતું હોય તો શું એ મહાત્માઓ શુક્લધ્યાન ધ્યાયા વગર જ કેવલજ્ઞાન પ્રાપ્ત કરે છે ? શાસ્ત્રોમાં શું એવું કોઈ દૃષ્ટાંત મળે છે ?

@ *તત્ત્વાર્થસૂત્ર* પર *શ્રીહરિભદ્રસૂરિજી* રચિત વૃત્તિ અંતર્ગત ૯.૩૯ ની અવતરણિકામાં ઉપરોક્ત પ્રશ્નને મળતો પ્રશ્ન ઉઠાવીને ત્યારપછી તેનું સમાધાન કર્યું છે કે "...ઉપશાંતમોહી અને ક્ષીણમોહીને શું ધર્મધ્યાન જ હોય? ના, તેઓને કેવલ ધર્મધ્યાન ન હોય, બલ્કે શુક્લધ્યાન પણ (૧લા-૨જા ભેદવાળું) હોય છે..."

આનાથી એ ફલિત થાય છે કે ૧૧-૧૨ મા ગુણસ્થાનકે કેવલ ધર્મધ્યાન ન હોય, બલ્કે સાથે શુક્લધ્યાન હોય જ. આથી શુક્લધ્યાન વગર મુનિ કેવલજ્ઞાન પ્રાપ્ત કરે એ પ્રશ્નને અવકાશ જ રહેતો નથી, અને એથી એવું કોઈ દૃષ્ટાંત મેળવવા પણ મહેનત કરવાની જરૂર રહેતી નથી. **મુનિ શ્રીશીલચંદ્રવિજયજી** (ડહેલાવાળા-સમુદાય)

**? 31** *પક્ખીસૂત્ર* નાં આલાવાઓમાં વ્યવહારથી પાંચે મહાવ્રત દર્શાવવામાં આવ્યા છે. અને अप्पसत्था... થી નૈશ્ચયિક. પણ અદત્તાદાન માટે उग्गहंसि... ગાથા તો વ્યવહારનયની છે. તો નિશ્ચયનયની દૃષ્ટિએ અદત્તાદાનનું સ્વરૂપ શું હોઈ શકે?

@ *પાક્ષિકસૂત્રવૃત્તિ* પ્રમાણે સહુ પ્રથમ છ આલાવાઓ દ્વારા પાંચ મહાવ્રત અને છટ્ઠું રાત્રિભોજન-વિરમણ વ્રત તેનું સ્વરૂપ બતાવવામાં આવ્યું છે અને ત્યારપછી अप्पसत्था य ઈત્યાદિ ગાથાઓ દ્વારા તેઓના જ અતિચારોનું કથન કરવામાં આવ્યું છે. તેથી उग्गहंसि... ગાથા દ્વારા ૩જા મહાવ્રતના અતિચારની વાત કરવામાં આવી છે. આ પ્રમાણે આલાવા અને ગાથાઓ વચ્ચે ભેદ રહેલો છે. પરંતુ ટીકામાં ક્યાંય વ્યવહાર અને નિશ્ચયનયનો સંદર્ભ જણાતો નથી. તો આવી રીતે નયવાદથી કરવામાં આવેલો અર્થ કયા ગ્રંથમાં છે તે જણાવશો. **મુનિ શ્રીશીલચંદ્રવિજયજી** (ડહેલાવાળા-સમુદાય)

**? 36** *સ્થાનાંગ* – ૩.૧.૧૩૩ માં જણાવ્યા મુજબ ત્રણ કારણે તારા પોતાનું સ્થાન છોડે છે -

तिहिं ठाणेहिं तारारूवे चलिज्जा – तं जहा विकुव्वमाणे वा परियारेमाणे वा ठाणाओ वा ठाणं संकमाणे तारारूवे चलेज्जा ।। અર્થ –

૧. વૈક્રિય રૂપ વિકુર્વે ત્યારે ૨. મૈથુન માટે તૈયાર થાય ત્યારે ૩. ધાતકીખંડના મેરૂ પાસે પોતાનું સ્થાન હોય તે સ્થાનથી અન્યત્ર જવું હોય તો અથવા કોઈક મહર્દ્ધિક દેવ વગેરે

ચમરેન્દ્રાદિની જેમ વૈક્રિય રૂપ વગેરે કરે તો તેને માર્ગ આપવા માટે ચન્દ્ર પોતાના સ્થાનથી ખસે. જઘન્યથી ૨૫૬ યોજન ખસી શકે અને ઉત્કૃષ્ટથી ૧૨૦૦૦ યોજન.

વ્યાઘાતિક અંતર અંગે વૃત્તિમાં ઉદ્ધૃત પાઠ અને તે અંગે સ્પષ્ટતા – तत्थ णं जे से वाघाइए अंतरे से जहन्नेणं दोन्नि छावट्ठे जोयणसए, उक्कोसेणं बारसजोयणसहस्साइं ।। तत्र व्याघातिकमन्तरं महर्द्धिकदेवस्य मार्गदानादिति ।।

પ્રશ્ન એ થાય કે આ તારાની વાત અઢી દ્વીપની અંદર જે છે તે જ્યોતિષની જ લેવાની ને? અને બીજું, વૈક્રિય રૂપ વિકુર્વે ત્યારે પણ મૂળ શરીર તો પોતાના સ્થાને જ રહે, તો આ વાત કોને આશ્રયીને સમજવી?

@ આ પ્રશ્ન અંગે ચિંતન કરીએ તે પૂર્વે तिहिं ठाणेहिं तारारूवे चलिज्जा... એ *સ્થાનાંગસૂત્ર*-ગત મૂળ પાઠની *શ્રીઅભયદેવસૂરિજી* રચિત વૃત્તિનો સમગ્ર પાઠ જોઈ લઈએ – तारारूवे त्ति तारकमात्रं चलेज्जा स्वस्थानं त्यजेत्, वैक्रियं कुर्वद् वा, परिचारयमाणं वा, मैथुनार्थं संरम्भयुक्तमित्यर्थः, स्थानाद् वैकस्मात् स्थानान्तरं सङ्क्रामद् गच्छदित्यर्थः, यथा धातकीखण्डादिमेरुं परिहरेदिति । अथवा क्वचिन् महर्धिके देवादौ चमरवद् वैक्रियादि कुर्वति सति तन्मार्गदानार्थं चलेदिति । उक्तं च – "तत्थ णं जे से वाघाइए अंतरे से जहन्नेणं दोन्नि छावट्ठे जोयणसए, उक्कोसेणं बारस जोयणसहस्साइं" ति । तत्र व्याघातिकमन्तरं महर्धिकदेवस्य मार्गदानादिति । अनन्तरं तारकदेवचलनक्रियाकारणान्युक्तानि ।।

આ વૃત્તિપાઠનો સારાંશ તો જિજ્ઞાસામાં અપાયો જ છે. તેથી તે પુનઃ ન લખતાં તેમાં જે એક સમસ્યા તરત જણાઈ આવે તેમ છે તે જોઈએ –

અત્રે મૂળ સૂત્રમાં તારાનો દેવ શા માટે પોતાનું સ્થાન છોડે તેની વાત છે. આનાં ત્રણ કારણ ત્યાં સૂચવાયાં છે – ૧. ઉત્તરવૈક્રિય શરીરની વિકુર્વણા, ૨. પ્રવિચારણા (-મૈથુન), ૩. કોઈ પણ કારણે એક સ્થાનથી બીજા સ્થાને સંક્રમણ. આની સામે વૃત્તિકાર પ્રારંભમાં એ ત્રણ કારણ જણાવીને એની સાથે જ धातकीखण्डादिमेरुं परिहरेद् કે क्वचिन् महर्धिके देवादौ चमरवद् वैक्रियादि कुर्वति सति तन्मार्गदानार्थं चलेद् એમ કહીને જે કારણો કે ઉદાહરણો દર્શાવે છે તે વાસ્તવમાં

તારાના દેવની ચલાયમાનતાનાં નથી, પણ તારાનાં વિમાનો પોતાના સ્થાનેથી ચ્યુત થાય તેનાં છે! મતલબ કે આવાં આવાં કારણોસર તારાનું વિમાન પોતાનું સ્થાન બદલે છે એમ અત્રે સમજવાનું છે. કેમ કે ધાતકીખંડના મેરુના પરિહારની વાત હોય કે મહર્ધિક દેવ દ્વારા ઉત્તરવૈક્રિય શરીરની વિકુર્વણા વખતે જગ્યા કરી આપવાની વાત હોય, ત્યારે ખસવું તો આખા વિમાને જ પડે. અલબત્ત આવા સમયે વિમાન સાથે દેવ પણ ખસે જ. પણ બસમાં બેઠેલો કોઈ માણસ પોતાની જગ્યા બદલે અને આખી બસ પોતાની જગ્યા બદલે – બેમાં કોઈ ફેર ખરો કે નહીં?

ખરેખર તો વૃત્તિકારે વ્યાઘાતિક અંતર દર્શાવવા માટે અત્રે જે પાઠ ઉદ્ધૃત કરેલો છે, તે મૂળ *જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ* ના પાઠની વૃત્તિઓ જોઈશું તો તરત જ સમજાશે કે આ વ્યાઘાતિક અંતર બે તારાના દેવો વચ્ચેનું નથી, પણ તારાનાં બે વિમાનો વચ્ચેનું છે. પરંતુ વૃત્તિકાર ભગવંતે એ પાઠને તારાનો દેવ ખસે તે સંદર્ભે ઉદ્ધૃત કર્યો છે! અને તેઓ આ વ્યાઘાતિક અંતરને तारकदेवचलनक्रियाकारण સાથે જ સંબંધિત જણાવે છે! અહો આશ્ચર્યમ્!

અને વૃત્તિના આ પાઠમાં ફક્ત આ એક જ સમસ્યા નથી. તેમાં तत्र व्याघातिकमन्तरं महर्धिकदेवस्य मार्गदानादिति એમ જે કહેવાયું છે તે પણ મૂંઝવણ જન્માવે છે. કારણ કે મૂળ *જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ* ના પાઠમાં જે વ્યાઘાતિક અંતર જણાવાયું છે, તે મેરુ પર્વતની આસપાસ પ્રદક્ષિણા ફરતાં તારાનાં બે વિમાનો વચ્ચેનું, ઘણીબધી વખત સર્જાતું, અંતર છે. તે આ રીતે સર્જાતું હોય છે – उत्कर्षतो द्वादशयोजनसहस्राणि द्वे योजनशते द्विचत्वारिंशदधिके । एतच्च मेरुमपेक्ष्य द्रष्टव्यम् । तथाहि – मेरौ दशयोजनसहस्राणि मेरोश्चोभयतोऽबाधया एकादशयोजनशतान्येकविंशत्यधिकानि, ततः सर्वसङ्ख्यामीलने भवन्ति द्वादशयोजनसहस्राणि द्वे योजनशते द्विचत्वारिंशदधिके ।। (*જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ* ની વૃત્તિ)

આનો અર્થ – મેરુપર્વતનો વિસ્તાર ૧૦,૦૦૦ હજાર યોજન છે. તેની બંને બાજુએ ૧૧૨૧ યોજન છેટે તારાનાં વિમાનો ચાલે છે. એટલે એક તારાથી મેરુનું

અંતર ૧૧૨૧ યોજન, મેરુનો વિસ્તાર ૧૦,૦૦૦ યોજન, અને મેરુથી બીજા તારાનું અંતર ૧૧૨૧ યોજન – એમ કુલ મળીને (૧૧૨૧+૧૦,૦૦૦+૧૧૨૧) ૧૨૨૪૨ યોજન જેટલું મેરુપર્વતથી થતા વ્યાઘાતની અપેક્ષાએ એક તારાના વિમાનથી બીજા તારાના વિમાનનું ઉત્કૃષ્ટ અંતર છે.

*બૃહત્સંગ્રહણીસૂત્ર* ની ગાથા ૬૧ માં પણ આ જ રીતે આ ગણતરી આપવામાં આવી છે. અર્થાત્, મેરુપર્વતથી થતા વ્યાઘાતની અપેક્ષાએ એક તારાના વિમાનથી બીજા તારાના વિમાનનું ૧૨૨૪૨ યોજન જેટલું ઉત્કૃષ્ટ વ્યાઘાતિક અંતર અને મહર્ધિક દેવ દ્વારા ઉત્તરવૈક્રિય શરીરની વિકુર્વણા વખતે જગ્યા કરી આપવા માટે ખસતી વખતે સર્જાતું બે તારાનાં વિમાનો વચ્ચેનું અંતર (જે વાસ્તવમાં ક્યારેક ૧૨૨૪૨ યોજન કરતાં વધારે પણ હોઈ શકે) – એ બે જુદી જ વાત છે. પણ વૃત્તિકાર ભગવંતે બેને એક જ ગણી લીધી છે! અને એટલે તેઓ મૂળ *જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ* ના પાઠમાં સૂચિત સ્વાભાવિક ઉત્કૃષ્ટ વ્યાઘાતિક અંતરને ચમરેંદ્ર દ્વારા થયેલી વિકુર્વણા જેવા ક્યારેક જ સર્જાતા પ્રસંગ સાથે સાંકળી લે છે!

ટૂંકમાં, ૧. તારાના દેવનું સ્થાનાંતર અને તારાના વિમાનનું સ્થાનાંતર – એ બે ભિન્ન ઘટનાઓ છે. ૨. તારાના બે વિમાનો વચ્ચેનું ઉત્કૃષ્ટ વ્યાઘાતિક અંતર અને મહર્ધિક દેવ દ્વારા ઉત્તરવૈક્રિય શરીરની વિકુર્વણા વખતે જગ્યા કરી આપવા માટે ખસતી વખતે સર્જાતું બે તારાનાં વિમાનો વચ્ચેનું અંતર – એ બે પણ ભિન્ન સંદર્ભો છે. તેથી આ વૃત્તિપાઠ ખૂબ ગંભીર ચિંતન માંગે છે.

હવે જિજ્ઞાસામાં પૂછાયેલા પ્રશ્નોનું સમાધાન જોઈએ તો – ૧. અઢી દ્વીપની બહારના તારાદેવોનું પણ ઉત્તરવૈક્રિય શરીરની વિકુર્વણા કે પ્રવિચારણા જેવાં કારણોથી સ્થાનાંતર શક્ય છે જ. ૨. કલ્પસૂત્રમાં હરિનૈગમેષી દેવ દ્વારા ગર્ભાપહારની ઘટના વખતે ઉત્તરવૈક્રિય શરીરની વિકુર્વણા માટે ઈશાન દિશામાં ગમન કરવાનું વિધાન છે જ. તેથી વૈક્રિય શરીરની વિકુર્વણા વખતે મૂળ શરીર પોતાના સ્થાને જ રહે એવો એકાંત નથી. એટલે ઉત્તરવૈક્રિય શરીરની વિકુર્વણા માટે તારાનો દેવ પોતાના સ્થાનેથી ખસે તેમાં કોઈ બાધ જણાતો નથી. **त्रै.**

# પત્રચર્યા

39.-40. ✉ (🔗 ∑ 42)

મૂળ લેખમાં બીજના વિકાસક્રમ અંગેના *શ્રીહરિભદ્રસૂરિજી* મહારાજ અને અન્ય આચાર્યો – એમ બન્નેના મત ટાંકવામાં આવ્યા છે. આ બન્ને મત મુજબ વનસ્પતિના મૂળનો જીવ એ તેના બીજનો જીવ પણ હોઈ શકે અને અન્ય જીવ પણ હોઈ શકે. પરંતુ હમણાં *શ્રીદશવૈકાલિકસૂત્ર* ની *શ્રીતિલકાચાર્ય* રચિત વૃત્તિમાં આ અગે એક નવી જ પ્રરૂપણા જોવા મળી –

बीजजीव एव व्युत्क्रम्य मूलजीवत्वेनोत्पद्यते, ततः किशलयावस्थामनन्तजीवाः कुर्वन्ति । तेषां स्थितिक्षये मूलजीव एव तत्तनुं स्वशरीरतया परिणम्याऽवतिष्ठन्ते, यावत् प्रथमपत्रं, शेषपत्रपुष्पफलाद्यन्ये जीवाः कुर्वन्ति ।।

અર્થાત્ બીજનો જ જીવ ચ્યવીને મૂળના જીવ તરીકે ઉત્પન્ન થાય છે. ત્યારપછી અનંતજીવો મળીને કિસલયાવસ્થા રચે છે, જેમાં એક જીવ તો મૂળનો જ હોય છે. પછી બીજા અનંત જીવોનું ચ્યવન થઈ જાય છે. અને મૂળનો જીવ તે અનંત જીવોના શરીરને પોતાના શરીરરૂપે પરિણમાવીને પ્રથમ પત્ર સુધી આગળ વધે છે.

આમ, *શ્રીહરિભદ્રસૂરિજી* મહારાજ અને અન્ય આચાર્યોના મતે મૂળનો જીવ બીજનો જીવ પણ હોય અને અન્ય જીવ પણ હોય, જ્યારે *શ્રીતિલકાચાર્ય* ના મતે બીજનો જીવ જ મૂળના જીવ તરીકે ઉત્પન્ન થાય છે. ✍ **મુનિ શ્રીત્યાગમંડન-વિજયજી** (શ્રીનેમિસૂરિ-સમુદાય)

અત્રે 'મૂલની જે ઉચ્છૂનાવસ્થા છે તે જ પ્રથમપત્ર' એવો જે અન્ય આચાર્યનો મત બતાવ્યો છે. તે વાત *શ્રીઆચારાંગસૂત્ર* ની નિર્યુક્તિ ગાથા - ૧૩૮ ની *શ્રીશીલાંકાચાર્ય* રચિત વૃત્તિમાં જોવા મળે છે – प्रथमपत्रकं च वाऽसौ बीजस्य समुच्छूनावस्था भूजलकालापेक्षा सैवोच्यते इति ।। આના પરથી આ મત *શ્રીશીલાંકાચાર્ય મહારાજ* નો છે એમ સમજી શકાય? ✍ **મુનિ શ્રીકુમુદચંદ્રવિજયજી** (ડહેલાવાળા-સમુદાય)

41. ✉ (🔗 ∑ 100)

આમાં આ પ્રમાણે વિવક્ષા હોઈ શકે કે સયોગી કેવલી ભગવંત ભવ્યજીવોને પ્રતિબોધ કરતાં વિચરે તો જઘન્યથી એક મુહૂર્ત એટલે બે ઘડીનો કાળ લેવો. કારણ કે અંતગડ કેવલી ભગવંત પાસે અંતમુહૂર્તનો જ કાળ હોવાથી આટલા અલ્પ કાળમાં તેઓ ભવ્ય જીવોને પ્રતિબોધ નહિ કરી શકતા હોય. અથવા આ ગાથામાં સયોગી કેવલી ભગવંતોની બે રીતે ઉત્કૃષ્ટ સ્થિતિ કહી હોય – ૧. જઘન્યમાં ઉત્કૃષ્ટ સ્થિતિ અને ૨.ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ સ્થિતિ. જઘન્યમાં ઉત્કૃષ્ટ સ્થિતિ – સયોગી કેવલી ભગવંતોની જઘન્ય સ્થિતિ જે અંતમુહૂર્તની કહી છે તે જઘન્યમાં ઉત્કૃષ્ટ સ્થિતિ એક મુહૂર્ત એટલે બે ઘડીનો કાળ. કારણ કે ઉત્કૃષ્ટ અંતમુહૂર્ત એ એક મુહૂર્તમાં એક સમય ન્યૂન જેટલો કાળ છે. ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ સ્થિતિ દેશોન એક પૂર્વ કરોડ વર્ષ. આ પ્રમાણે વિવક્ષા હોઈ શકે. तत्त्वं केवलिगम्यम्. ✎ **મુનિ શ્રીસુવ્રતચંદ્રવિજયજી** (ડહેલાવાળા-સમુદાય)

42. ✉ (🔗 ∑ 18)

*ચઉપ્પન્નમહાપુરિસચરિયં* તથા *ભુવણસુંદરીચરિયં* ગ્રંથના આધારે કેવલજ્ઞાન પછી પણ લબ્ધિના ઉપયોગની વાત કરવામાં આવી છે કે પ્રભુવીર દ્વારા કેવલજ્ઞાન પછી પણ શીતલેશ્યાનો પ્રયોગ, કેવલજ્ઞાનીનું આકાશગામિની વિદ્યાથી અન્યત્ર ગમન ઈત્યાદિ. આવી જ ઘટના *સિરિકુમ્માપુત્તચરિઅં* - ગાથા - ૧૮૩,૧૮૪ માં પણ જોવા મળી કે મહાવિદેહક્ષેત્રના મંગલાવતી વિજયમાં રત્નસંચયા નામની નગરી છે. તેના ઉદ્યાનમાં તીર્થંકર શ્રીજગદુત્તમસ્વામી સમવસર્યા. પ્રભુના કહેવાથી ચાર ચારણ મુનિવરો ભરતક્ષેત્રમાં રહેલા ગૃહસ્થી એવા કૂર્માપુત્ર કેવલી પાસે આવ્યા ને તેઓનાં વચનથી જાતિસ્મરણ તથા કેવલજ્ઞાન પામી પુનઃ મહાવિદેહમાં શ્રીજગદુત્તમસ્વામી પાસે જઈને બેઠા. અહીં લબ્ધિપ્રયોગના સ્પષ્ટ શબ્દો નથી. તેમ છતાંય ભરતક્ષેત્રમાંથી મહાવિદેહમાં લબ્ધિ વિના જવું શક્ય નથી. આ રીતે કેવલજ્ઞાન થયા પછી પણ લબ્ધિના પ્રયોગ થઈ જ શકે છે. પ્રશ્ન એ છે કે લબ્ધિના અનેક પ્રકારો પૈકી એવા પણ કેટલાક પ્રકારો છે કે જેમાં તે લબ્ધિને ફોરવતી વખતે અલ્પ પ્રમાણમાં પણ પ્રમાદ હોવાનું જણાતું નથી, છતાંય કેવલજ્ઞાન પછી તે લબ્ધિના પ્રયોગના નિષેધનું કારણ શું હોઈ શકે? અને લબ્ધિપ્રયોગને કયા પ્રકારનો પ્રમાદ ગણવો?

43. ✉ (🔗 ∑ 99)

આ જ વાત *શ્રીવિજયપ્રદ્યુમ્નસૂરિજી મહારાજે પાઠશાળા* ગ્રંથ – ૧ (પૃ. ૧૪૮-૯) માં “આનંદના આંસુએ મહાઆનંદની ભેટ આપી” એ શીર્ષક હેઠળ કારણો દર્શાવીને વિસ્તારથી સ્પષ્ટ કરી છે. મૂળ ચર્ચામાં નિર્દિષ્ટ શાસ્ત્રસંદર્ભો સિવાય એક વધુ શાસ્ત્રપાઠ *મહોપાધ્યાય શ્રીયશોવિજયજી* વિરચિત સમ્યકત્વ-ષટ્સ્થાન-ચૌપાઇ - બાલાવબોધ ગાથા - ૧૦૦ નો ત્યાં આપેલ છે અને જણાવ્યું છે કે ભગવદ્દર્શનાનંદયોગ થી જનિત સ્થૈર્યથી જ મરૂદેવા માતાને કેવલજ્ઞાન પ્રાપ્ત થયું છે. પણ એકત્વ કે અન્યત્વ ભાવના ભાવતાં ભાવતાં મરૂદેવા માતા કેવલજ્ઞાન પામ્યા આવી જે વાત પ્રચલિત થઈ છે તે સત્તરમા સૈકાનાં અને ત્યારપછીનાં ગુજરાતી રાસ સાહિત્યમાંથી ક્યાંકથી વહેતી થઈ છે, જે વિચારણીય છે.

44. ✉ (🔗 ∑ 108)

જિનકલ્પી સાધુઓને ઉપધિની વાત અનેક ગ્રંથોમાં જોવા મળે છે. *પ્રવચન-સારોદ્ધાર* માં પાત્રાં વગેરે ૧૨ પ્રકારની ઉપધિ જિનકલ્પીને ઉત્કૃષ્ટથી જણાવી છે અને તે બધા જિનકલ્પીને એકસરખી નથી હોતી. બલ્કે બે, ત્રણ, ચાર, પાંચ, નવ, દશ, અગ્યાર અને બાર પ્રકારે એમ આઠ રીતે જિનકલ્પીઓને ઉપધિ - ઉપકરણ હોઈ શકે છે.

જિનકલ્પી સાધુ બે પ્રકારના હોય છે - ૧. કરપાત્રી એટલે હાથમાં ભોજન કરનારા ૨.પતદ્ગ્રહધર એટલે પાત્રામાં ભોજન કરનારા. તે બન્નેમાં પુનઃ બે પ્રકાર હોય છે - ૧. સપ્રાવરણ એટલે વસ્ત્રધારી ૨. અપ્રાવરણ એટલે નિર્વસ્ત્રી. તેમાં દ્વિવિધ અને નવવિધ ઉપકરણ વાળા એ બે ભેદ નિર્વસ્ત્રી જિનકલ્પીને હોય. તેઓ વિશુદ્ધ જિનકલ્પી કહેવાય. અને બાકીના ભેદો વસ્ત્રધારી જિનકલ્પીને હોય. તેઓ અવિશુદ્ધ જિનકલ્પી કહેવાય.

45. ✉ (🔗 ∑ 24 ✉ 7)

*ચઉપ્પન્નમહાપુરિસચરિયં*માં સુપાર્શ્વનાથપ્રભુના ચરિત્રની પ્રથમ પંક્તિમાં જ લખ્યું છે કે “...सुपासो समुप्पन्नो । सो य पियंगुमंजरीणिभो...।।” અર્થાત્

શ્રીસુપાર્શ્વજિનનો વર્ણ પ્રિયંગુમંજરીના વર્ણ જેવો છે. તેથી આગળ પ્રભુના કેવલજ્ઞાનોત્પત્તિના વર્ણનમાં "..पियंगुतरुच्छायाए पियंगुमंजरीसामदेहो" એ શબ્દોમાં પ્રેસદોષના કારણે सम નું साम થયું હોય એવું સ્પષ્ટ જણાય છે. કારણ કે णिभ નો સમાનાર્થી શબ્દ सम છે, साम નહીં. એટલે મુનિ *શ્રીનયજ્ઞવિજયજી* એ કરેલી પાઠશુદ્ધિની કલ્પના યથાર્થ ઠરે છે. અને અન્ય કલ્પનાને હવે કોઈ અવકાશ રહેતો નથી. (ચાર પત્રો) ✒ **મુનિ શ્રીશીલચંદ્રવિજયજી** (ડહેલાવાળા-સમુદાય)

46. ✉ (🔗 ∑ 101)

१६ प्रकृति या १७ प्रकृति का क्षय मतांतर है, अनाभोग नहीं । यहाँ कौन-कौन सी प्रकृति का क्षय होता है इसमें भी मतांतर है, *आवश्यकचूर्णि* का मत सब से अलग है । इसकी स्पष्टता ∑ 75 में है । ✒ **मुनि श्रीगोयमचंद्र-विजयजी** (डहेलावाला-समुदाय)

47. ✉ (🔗 ∑ 1 ✉ 30)

મારા દ્વારા જણાવાયેલ છે કે "*બૃહત્કલ્પલઘુભાષ્ય* સિવાયના પ્રાયઃ દરેક પાઠમાં आदि શબ્દ આપેલ છે." પરંતુ *બૃહત્કલ્પલઘુભાષ્ય* માં પણ आदि શબ્દ આપેલ જ છે તે પાછળથી જોતાં જણાયું છે. તેમાં જ आदि શબ્દથી મહિકા અને હિમવર્ષાનું ગ્રહણ કરવું તેનો સ્પષ્ટ ઉલ્લેખ પણ છે. મૂળ લેખમાં મુનિશ્રીથી सिणेह એવો ખોટો પાઠ અપાયો છે તે પણ सिणेहादि એમ સુધારવો જોઈએ.

48. ✉ (🔗 ∑ 38)

અત્રે અપાયેલ શાસ્ત્રપાઠ સિવાય બીજી જગ્યાએ પણ ૧૦૦/૧૨૫ યોજનની વાતો આવે છે –

आयोजनशतमुग्रा रोगाः शाम्यन्ति तत्प्रभावेण ।
उदयिनि शीतमरीचाविव तापरुजः क्षितेः परितः ।। (*યોગશાસ્ત્ર* – ૨૯)
जोयणसय समन्ता, मारीइ विवज्जिओ देसो ।। (*પઉમચરિયં* – ૩૯)

*યતિવૃષભાચાર્ય* વિરચિત *તિલોયપન્નત્તી* માં પણ ૧૦૦ યોજનની જ વાત આવે છે.

<u>साग्रे च गव्यूतिशतद्वये</u> रुजा, वैरेतयो मार्यतिवृष्ट्यवृष्टयः।

दुर्भिक्षमन्यस्वचक्रतो भयं, स्यान्नैत एकादश कर्मघातजाः।। (*અભિધાન-ચિંતામણિ* – ૬૦)

टीका - साग्रे पञ्चविंशतियोजनाधिके, गव्यूतिः क्रोशद्वयं, गव्यूतीनां शतद्वये योजनशत इत्यर्थः ।।

એ જ લેખમાં સવાસો યોજનની ગણતરી કઈ રીતે સમજવી એવું જે પૂછેલ છે તે અંગે *ઉપદેશપ્રાસાદ* માં ૧૨૫ યોજનની ગણતરી બતાવી છે - यत्र यत्र कारुण्यैकनिधयो विहरन्ति, तत्र तत्र चतसृषु दिक्षु प्रत्येकं पञ्चविंशतियोजनमध ऊर्ध्वं च सार्धद्वादशयोजनमध्ये इति सर्वत्र योज्यम् ।।

49. ✉ (🔗 ? 13)

*મુનિ શ્રીશીલચન્દ્રવિજયજી* એ સિંહાસન માટે આપેલા પાઠો સિવાય બીજી પણ જગ્યાએ સિંહાસન સ્ફટિકનું કે સુવર્ણનું તેના પાઠો મળે છે –

खे पादपीठेन सह मृगेन्द्रासनं सिंहासनमुज्ज्वलं निर्मलमाकाशस्फटिक-मयत्वादिति तृतीयः ।। (*અભિધાનચિંતામણિ* - ૬૧ ટીકામાં) व्योम्नि निर्मलं स्फटिकमणिमयं पादपीठयुक्तं सिंहासनं स्यादिति चतुर्थः ।। (*ઉપદેશપ્રાસાદ* ની ટીકામાં) ठायइ जत्थ जिणिन्दो, तत्थ सीहासणं रयणचित्तं । (*પઉમચરિયં* - ૩૫)

*તિલોયપન્નત્તી* માં પણ સ્ફટિકરત્નથી નિર્મિત સિંહાસનની જ વાત આવે છે.

*કલ્યાણમંદિર* માં સિંહાસન સુવર્ણનું બતાવ્યું છે -

श्यामं गभीरगिरमुज्ज्वलहेमरत्न-
सिंहासनस्थमिह भव्यशिखण्डिनस्त्वाम् ।
आलोकयन्ति रभसेन नदन्तमुच्चै-
श्चामीकराद्रिशिरसीव नवाम्बुवाहम् ।।२३।।

50. ✉ (🔗 ∑ 93)

[આ પત્રમાં મુનિશ્રીએ એક નાનકડી હકીકતની ચકાસણી માટે પણ કેટલી મહેનત કરી શકાય છે તેનો એક ઉત્તમ નમૂનો પૂરો પાડ્યો છે. એમની આ ચીવટમાંથી સૌ મિત્ર મુનિવરોએ પ્રેરણા લેવા જેવી છે. – त्रै.]

*શ્રીવિજયલક્ષ્મીસૂરિજી* ના જીવન અંગે તપાસ કરતાં ઘણા ગ્રંથોનું અવલોકન કરવાનું થયું છે. ક્રમશઃ – ૧. કવિરાજ દીપવિજયજી (- ડો. કવીન શાહ), ૨. ભક્તિગુંજન (- પ્રાચીન શ્રુતરક્ષક સમિતિ), ૩. જૈન ગુર્જર સાહિત્યરત્નો અને તેમની કાવ્યપ્રસાદી, ૪. જૈન ગૂર્જર કવિઓ ભાગ – ૯ (- મોહનલાલ દલીચંદ દેસાઇ), ૫. પટ્ટાવલીસમુચ્ચય (- દર્શનવિજયજી), ૬. ઐતિહાસિક લેખ સંગ્રહ (- પંડિત લાલચંદ્ર ભગવાનદાસ), ૭. જૈન સત્ય પ્રકાશ (વર્ષ ૧૪, ૩-૪ અંક), ૮. પટ્ટાવલી-પરાગ (- કલ્યાણવિજય ગણિ), ૯. तपागच्छ का इतिहास (- डॉ. शिवप्रसाद), ૧૦. વિજયાનંદસૂરિ ગચ્છની પરમ્પરા – ૧, ૧૧. વિજયાનંદસૂરિ ગચ્છની પરમ્પરા – ૨, ૧૨. પાગ્વાટ-ઈતિહાસ – ૧ (- દોલતસિંહ લોઢા “અરવિંદ”).

આ ગ્રંથોમાં ભટ્ટારક *શ્રીવિજયલક્ષ્મીસૂરિજી* ના જીવન વિશે જે માહિતી ઉપલબ્ધ છે તે જોઈએ –

**જન્મ** – ૧,૨,૩,૪,૫ – સં. ૧૭૯૭ ચૈત્ર સુદ પાંચમ (આબુ પાસે પાલડી), ૬ - સં. ૧૭૯૪ ચૈત્ર સુદ પાંચમ, ૭ - સં. ૧૭૯૭ ચૈત્ર સુદ પાંચમ (સિરોડી પાસે પારડી), ૮,૧૦,૧૧ - સં. ૧૭૯૭ ચૈત્ર સુદ પાંચમ (કુણાદરા પાસે પાલડી), ૯ - ×, ૧૨ - ચૈત્ર સુદ પાંચમ. [૬. માં સં. ૧૭૯૪ બતાવેલ છે તે મુદ્રણક્ષતિ લાગી રહી છે.]

**દીક્ષા** – ૧,૪,૫,૬,૭,૧૨ – સં. ૧૮૧૪ મહા સુદ પાંચમ, ૨ - ×, ૩,૮,૯,૧૦,૧૧ - સં. ૧૮૧૪. [*સોહમકુલપટ્ટાવલી* માં તેમની દીક્ષા સં. ૧૮૧૪ ચૈત્ર સુદ ૧૦ ના જણાવેલ છે એવું જે **श्रुतसंविभाग** માં જાણવા મળ્યું તે વિચારણીય લાગે છે. કેમ કે ૬ ગ્રંથોમાં તેમની દીક્ષા ૧૮૧૪ મહા સુદ પાંચમના દિવસે થયેલ છે તેવું જણાવ્યું છે. જે ગ્રંથોમાં તિથિ લખેલ નથી, ત્યાં પણ વિચારતાં મહા સુદ પાંચમ જ હશે એવું જણાય છે. કારણ કે તેમના ગુરુદેવ *શ્રીસૌભાગ્યસૂરિજી* નો કાળધર્મ સં. ૧૮૧૪ માં કોઈક ગ્રંથમાં ચૈત્ર સુદ ૯ તથા કોઈક ગ્રંથમાં ચૈત્ર સુદ ૧૦ જણાવેલ છે.

હવે ચૈત્ર સુદ ૧૦ ના દિવસે કાળધર્મ હોય તો પણ એ જ દિવસે દીક્ષા સંભવિત લાગતી નથી.]

**આચાર્યપદ** – 1 – સિનોર, ૨,૪,૧૨ – સં. ૧૮૧૪ ચૈત્ર સુદ ૯ ગુરુવાર, ૩,૯ - ×, ૫,૭ - ચૈત્ર સુદ ૯, ૬ - ચૈત્ર સુદ ૧૦, ૮,૧૦,૧૧ – સં. ૧૮૧૪. [૧૨ માં વિશેષ વિગત છે કે સિનોરમાં ૧૮૧૪ માં ચૈત્ર સુદ દશમના દિવસે એમના ગુરુદેવ *સૌભાગ્યસૂરિજી* નો કાળધર્મ થાય છે. કાળધર્મના એક દિવસ પૂર્વે તેઓ પોતાનો કાળધર્મ નજદીકમાં સમજીને તેમની ઈચ્છાથી શ્રીસંઘ ૧૮૧૪ ચૈત્ર સુદ ૯ ના ગુરુવારના દિવસે *વિજયલક્ષ્મીસૂરિજી* નો આચાર્યપદોત્સવ કરે છે. આમે ગુરુભગવંતના કાળધર્મના દિવસે જ શિષ્યની આચાર્ય-પદવીની વાત માનવી અઘરી તો છે જ. તેથી *સોહમકુલપટ્ટાવલી* અને ૬ નો ચૈત્ર સુદ ૧૦ ના દિવસે આચાર્યપદનો ઉલ્લેખ વિચારણીય જણાય છે. અલબત્ત જો ચૈત્ર સુદ ૧૦ ના દિવસે જ આચાર્યપદવી સ્વીકારવી હોય તો એવું હોઈ શકે કે પોતાના શિષ્યને સવારે આચાર્યપદ ઉપર આરૂઢ કરીને પછી સાંજે ગુરુભગવંત કાળધર્મ પામ્યા હોય. દેવવંદનમાલામાં પણ ચૈત્ર સુદ ૯ જ આપી છે, એકમ નહીં. શ્રુતસંવિભાગ માં છાપભૂલ છે. પણ દેવવંદનમાલાનો સં. ૧૮૩૫ ના વર્ષે આચાર્યપદનો ઉલ્લેખ બધાથી જુદો પડે છે. જૈન ગૂર્જર કવિઓ ભાગ-૯ માં કૌંસમાં એવું જણાવેલ છે કે “ચૈત્રસુદ દશમ આ મિતિની તેમની (*શ્રીસૌભાગ્યસૂરિજી* ની) પાદુકાનો લેખ સિનોરમાં છે.” આના પરથી તેમના ગુરુનો કાળધર્મ તો ચૈત્ર સુદ ૧૦ નો પ્રમાણિત જ છે.]

**કાળધર્મ** – ૧,૩,૮,૧૦ - સં. ૧૮૫૮ સુરત, ૨,૧૧,૧૨ – સં. ૧૮૬૯ પાલી, ૪,૯ - સં. ૧૮૫૮ સુરત / સં. ૧૮૬૯ પાલી, ૫,૬ - સં. ૧૮૫૮ સુરત પોષ વદ ૧૩, ૭ - ×. [સમાધાન સૂચવવા વિનંતિ.] (ચાર પત્રો) / **મુનિ શ્રીસૌમ્યપ્રભ-વિજયજી** (શ્રીકેસરસૂરિજી-સમુદાય)

# વિશેષ પ્રતિસ્પંદ

આ પત્રથી નવું ધ્યેય, નવી સમજ અને નવું લક્ષ્ય પ્રાપ્ત થાય છે. **મુનિ શ્રીરાજદર્શનવિજયજી** (ડહેલાવાળા-સમુદાય)

દર મહિનાના છેલ્લા દિવસોમાં **શ્રુતસંવિભાગ** ની આતુરતાથી રાહ જોતા આપણે થઈ ગયા છીએ. જ્યારે જેના પણ હાથમાં પહેલાં આવે તરત જ બીજાને જાણ કરે. બધા વાંચવા માટે ઉલ્લસિત બની જાય. આ રીતના **શ્રુતસંવિભાગ** ની રાહ જોવાતી રહે તે મોટી સફળતા છે. **મુનિ શ્રીદેવશ્રમણવિજયજી** (શ્રીસિદ્ધિસૂરિજી-સમુદાય)

પદાર્થો, તત્ત્વવિવેચનાઓ, રજૂઆત વ. જોઈને મન બહુમાનથી ઝૂકી જાય છે. **મુનિ શ્રીધન્યચંદ્રસાગરજી** (સાગરજી મ. નો સમુદાય)

**શ્રુતસંવિભાગ** પરિપત્ર મળ્યું. દિનપ્રતિદિન સમ્યગ્ જ્ઞાનથી ફૂલીફાલી રહ્યું છે. નવા નવા પદાર્થોના સુંદર બોધ થઈ રહ્યા છે. ધન વાપરવાથી વધે અને જ્ઞાન આપવાથી વધે આ પંક્તિ ચરિતાર્થ થઈ રહી છે. સૌના શ્રુતજ્ઞાનરૂપી દીપકને ઝળહળતો રાખવાના પ્રયાસની ખૂબ ખૂબ અનુમોદના. **મુનિ શ્રીસિદ્ધસેનવિજયજી** (શ્રીલબ્ધિસૂરિજી-સમુદાય)

સંયમયાત્રા સાથે શ્રુતયાત્રા હોય તો આનંદયાત્રા બની રહે છે. **શ્રુતસંવિભાગ** આનંદયાત્રા કરાવતો પરિપત્ર છે. **મુનિ શ્રીહેમહર્ષવિજયજી** (શ્રીનીતિસૂરિજી-સમુદાય)

**શ્રુતસંવિભાગ** મળે એ દિવસ અમારા સૌનો આનંદોત્સવ બને છે. **મુનિ શ્રીરાજસુંદરવિજયજી** (શ્રીરાજેંદ્રસૂરિજી-સમુદાય)

**શ્રુતસંવિભાગ** સાચે જ ઉત્કંઠાને ઊભી કરે છે. ઘણી વખત તો હાથમાં આવે અને પૂરું કર્યા વિના ઊભા થવાનુ મન નથી થતું. એમાં પણ જિજ્ઞાસા અને પત્રચર્ચાની કોલમ તો એકદમ ઉત્કંઠા સાથે જોવાય છે. કેમ કે તેના દ્વારા પાછળના પરિપત્રો પણ વારંવાર વંચાય છે. સાથે જ આ પરિપત્ર દ્વારા ઊંડાણમાં જવાય છે. તથા વાંચવાની પદ્ધતિ સમજાય છે. **મુનિ શ્રીસૌમ્યપ્રભવિજયજી** (શ્રીકેસરસૂરિજી-સમુદાય)

**श्रुतसंविभाग** મળ્યું. વાંચી આનંદ. પૂજ્ય આચાર્ય ભગવંત દ્વારા લખાયેલ 'આપણું જ્ઞાન...' લેખ આન્તર્મનને ટટોળતો હોય તેવું અનુભવાયું. જ્ઞાનની લ્હાણીની સાથે આવી સાધનાની લ્હાણી મળતી રહે છે એનો આનંદ છે. **મુનિ પરમયશવિજય** (શ્રીસિદ્ધિસૂરિજી-સમુદાય)

**श्रुतसंविभाग** ની હરહંમેશ ચાતક નજરે રાહ જોવાતી હોય છે. સ્વાધ્યાયનું આ એક એવું અનુપ્રેક્ષાત્મક માધ્યમ છે કે જેના દ્વારા ખ્યાલ આવે કે આપણો પોતાનો અભ્યાસ હમણાં કેવો અને કેટલો છે અને સાચી રીતે કેવો અને કેટલો હોવો જોઈએ. પ્રભુશાસનના અવનવા અને અદ્ભુત પદાર્થોને જાણવાની જિજ્ઞાસા અને સાથે બૌદ્ધિક સ્થિરતા - આ બે વાનાં જેની પાસે છે અથવા જેને આ બે વાનાં વિકસાવવા છે, તેવી વ્યક્તિ માટે **श्रुतसंविभाग** પરિપત્રનું વાંચન અનિવાર્ય છે. મુનિભગવંતોની સહિયારી સદ્ભાવનાના પરિણામે આ પરિપત્ર શતદલ કમળની જેમ નીતનવી પાંખડીઓ જોડાવા દ્વારા નવપલ્લવિત થતું જાય છે. **મુનિ શ્રીકુમુદચંદ્રવિજયજી** (ડહેલાવાળા-સમુદાય)

આ અંક સાથે **श्रुतसंविभाग – अनुक्रम** ( अंक – १ – १० ) અને એક આનંદપત્ર જોડેલ છે.
**श्रुतसंविभाग** - ૧૨ કારતક શુદિ પંચમી, સં. ૨૦૭૫ ના દિવસે પ્રગટ થશે.
આસો શુદિ એકમ, સં. ૨૦૭૪ સુધીમાં મળનારા લેખો/લખાણોનો
સમાવેશ આગામી અંકમાં કરવો શક્ય બનશે.
મિત્ર મુનિવરોને પોતાના બહુમૂલ્ય સ્વાધ્યાયનો લાભ
**श्रुतसंविभाग** ના માધ્યમથી વહેંચવા હાર્દિક આમંત્રણ છે.

---

* **श्रुतसंविभाग** માં પ્રગટ થતી સામગ્રી વિચારણાત્મક સમજવી, નિર્ણયરૂપ નહીં.

* સંકલન : **મુનિ ત્રૈલોક્યમંડનવિજય** (શ્રીનેમિસૂરિજી-સમુદાય)

સંપર્ક : c\o અતુલ એચ. કાપડિયા, A\9 જાગૃતિ ફ્લેટ્સ, મહાવીર ટાવર પાછળ, પાલડી, અમદાવાદ 380 007 મો. 99798 52135.